ISSN 0976 – 9609 V-Vidyanagar

વર્ષઃ ૨૫ || અંકઃ ૬ || જૂન ૨૦૨૩ || સળંગ અંક : ૬૨૦

# વિ-વિદ્યાનગર

(Peer-Reviewed Magazine)



कर्मण्येवाधिकारस्ते।

**CHARUTAR VIDYA MANDAL**

(Est: 1945)

Vallabh Vidyanagar-388120

www.vvidyanagar.ecvm.net

ચારુતર વિદ્યામંડળ સંચાલિત

# એસ.ડી.દેસાઈ હાઈસ્કૂલ. વલ્લભવિદ્યાનગર

બાકરોલ રોડ, વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦
ફોનઃ ૦૨૬૯૨-૨૩૦૭૫૮









## સંસ્થાની વિશેષ સુવિધાઓ :-

- શાળાને સુંદર સુવિધાયુક્ત મકાન,
- પ્રાર્થના ખંડ,
- હવા ઉજાસવાળા સગવડતાયુક્ત વર્ગખંડો
- વિજ્ઞાન પ્રયોગશાળા
- કોમ્પ્યુટર લેબ
- મલ્ટીજીમ હોલ
- એન.સી.સી.
- સ્પોર્ટસ,
- બાસ્કેટ બોલ કોર્ટ
- રમણીય પટાંગણ
- વિશાળ રમતનું મેદાન
- સ્વચ્છ પીવાનું પાણી
- ફાયર સેફ્ટી

(વધુ વિગતો પાન નં.૨૪ ઉપર)




**તંત્રી**
ઉર્વીશ છાયા

**પરામર્શન**
નરેશ વેદ ● રાજેન્દ્રસિંહ જાડેજા
ભગીરથ બ્રહ્મભટ્ટ ● આર. પી. પટેલ

**સંપાદન-સહાય**
વિજય સુથાર ● હરીશ પારેખ



**પ્રકાશક**
ડૉ. એસ.જી.પટેલ
માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦

●

**મુદ્રક**
સીવીએમ પ્રેસ, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦


# વિ-વિદ્યાનગર


ચારુતર વિદ્યામંડળ પ્રકાશન

જુન-૨૦૨૩
વર્ષ : ૨૫ અંક : ૬
સળંગ અંક : ૬૨૦

**ISSN 0976-9609-V Vidyanagar**

ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦
સ્થાપના વર્ષ : ૧૯૪૫



| **પ્રમુખ** | **ઉપપ્રમુખ** |
|---|---|
| શ્રી પ્રયાસ્વીનભાઇ બી. પટેલ | શ્રી મનીષભાઇ એસ.પટેલ |
| **અધ્યક્ષ** | **માનદ્ મંત્રી** |
| શ્રી ભીખુભાઇ બી. પટેલ | ડૉ.એસ.જી.પટેલ |

**માનદ્ સહમંત્રીઓ**
શ્રી મેહુલ ડી. પટેલ
શ્રી રમેશ સી.તલાટી શ્રી વિશાલ એચ.પટેલ


## વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ ● ઉચ્ચતર માધ્યમિક શિક્ષણસંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ ● ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઇજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટેકનોલોજી, હોટેલ મેનેજમેન્ટ, ટુરિઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કોલેજ ઑફ બિઝનેસ એન્ડ એડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કોલેજ ● અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઇજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો ● વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ ● કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો ● વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ ● સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જવળ પરંપરા, રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન ● પ્રાથમિકથી લઇ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઇબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ ● સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યુ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે. ● રાજ્યની પ્રથમ મહિલા ઇજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતક કક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કોલેજ, ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ આપવા માટેની સીવીએમ આઇએએસ એકેડેમી ● કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કોલેજ ● ઇન્ટિરિયર ડીઝાઇન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઇન આર્ટ્સની ડિગ્રી કૉલેજ.


અંકની છૂટક કિંમત : ₹ ૧૫/- રવાનગી ખર્ચ : ₹ ૧૦/- વાર્ષિક લવાજમ : ₹ ૧૫૦/-
વિદ્યાર્થી લવાજમ : ₹ ૧૦૦/- આજીવન લવાજમ : ₹ ૧૫૦૦/-

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઈ.સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણ વિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. ।વિ। નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી પૂર્વ અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઈ.સ.૧૯૯૯થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

વિ-વિદ્યાનગર

'વિ-વિદ્યાનગર' www.vvidyanagar.ecvm.net પર મૂકવામાં આવે છે. દેશ વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.

**આ માસની વિચાર-કણિકા**

સૂક્ષ્મ સૂવું ને સૂક્ષ્મ ખાવું રે,
સૂક્ષ્મ કરવો વેવાર,
શરીરની થીરતામાં ચિત્ત જેનું કાયમ રે,
વૃત્તિ ન ડોલે લગાર-

**ગંગાસતી**


॥ પ્રાથમ્ય ॥ માતૃદિન : સૌ માતાઓને અર્પણ.....૩
**સંકલન : એસ. જી. પટેલ**

॥ આપણો વૈભવ અને વારસો ॥ .................૪
પદ્ય-વિભાગ
**ગોરખનાથ, રવિસાહેબ, મોરારસાહેબ, ગંગાસતી**

॥ નવાં કાવ્યો ॥ ..............................૫
**યોગેશ પંડ્યા, શીલા વ્યાસ, કિશોર બારોટ**

॥ આપણો વૈભવ અને વારસો ॥ ................૬
ગદ્ય-વિભાગ : આ ભૂખનો વિચાર કરીશું ?
**બકુલ ત્રિપાઠી**

॥ લઘુકથા-૧ ॥ સંતોષ ..........................૭
**કાલિન્દી પરીખ**

॥ લઘુકથા-૨ ॥ ભગવાન .........................૮
**ગિરિમા ઘારેખાન**

॥ સંસ્મરણ ॥ મારું વહાલું હૂંફાળું અમદાવાદ..........૯
**પ્રવીણ ગઢવી**

॥ નીતિબોધ ॥ "કર્મફળ અને ટેનિસ બોલ".........૧૩
**હર્ષદ દડિયા**

॥ માહિતી લેખ ॥
આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ ................૧૪
**મિહિર એમ. વોરા**

॥ વાર્તા ॥ ઝાટકો............................૧૬
**અર્જુનસિંહ કે રાઉલજી**

॥ પ્રાસંગિક ॥ વિશ્વ પર્યાવરણ દિવસ ............૧૯
**ઉર્વીશ છાયા**

॥ કારકિર્દી વિશેષ ॥
IBPS PO શું છે ?.........................૨૧
**ભૌતિકકુમાર નિતિનભાઈ પટેલ**

॥ સંસ્થા પરિચય ॥
એસ.ડી.દેસાઇ હાઇસ્કૂલ.......................૨૪
**નિતીનભાઈ વી. પટેલ**

**॥ વિદ્યાવૃત્ત ॥** ..................................૨૭



ISSN 0976-9609

॥ પ્રાથમ્ય ॥

## માતૃદિન : સૌ માતાઓને અર્પણ

**સંકલનઃ એસ.જી.પટેલ**

વેદમંત્રોમાં માતા, પિતા, ગુરુ અને અતિથિને દેવ ગણવામાં અવ્યાં છે. એમાં પણ સૌ પ્રથમ ઉલ્લેખ માતાનો કરવામાં આવ્યો છે. તેને અનુસરીને આજે પણ આપણે 'માતૃદેવો ભવ' એ સૂત્રને ભૂલી શકતા નથી. આ સંસારમાં આપણાં સો સગાં હશે, પણ એમાંનું એક પણ સગું માતાની તોલે આવી શકે નહિ.

જે યુવતી બિન્દાસ હતી, બેફિકર હતી, થોડીક બદમાશ હતી તે જ યુવતી જ્યારે મા બને છે. ત્યારે તેનામાં સેવા, સ્થિરતા, સમર્પણ કેવી રીતે આવી જાય છે તે રહસ્યમય બાબત છે.

માતા અનેક કષ્ટો વેઠીને બાળકને જન્મ આપે છે. ત્યારપછી એથીય અનેક ગણાં વધુ કષ્ટો વેઠીને તેને ઉછેરે છે. માતા પોતાના બાળકની સતત કાળજી રાખે છે. બાળક પથારી ભીની કરે છે ત્યારે તેને સૂકામાં સુવડાવે છે. અને પોતે ભીનામાં સૂઇ રહે છે. આમ, મા બાળકમાં ઓતપ્રોત થઇ જાય છે. બાળકના અભ્યાસમાં મા જ સૌથી વધારે ધ્યાન આપે છે. બાળક માંદું થાય ત્યારે મા ઉજાગરા વેઠીને તેની સેવાચાકરી કરે છે. બાળક મોટું અને સમજણું થાય તોપણ એને રેઢું મૂકતાં માનો જીવ ચાલતો નથી.

મા બાળકને બગીચામાં ફરવા લઇ જાય છે. મંદિરે દર્શન કરવા લઇ જાય છે અને પિયરમાં જાય, ત્યારે પણ બાળકને પોતાની સાથે જ લઇ જાય છે. વળી, મા બાળકને રામાયણ-મહાભારતની, રાજા-રાણીની, પરીઓની અને પશુપક્ષીઓની વાર્તાઓ કહે છે. આમ, બાળકને માટે માતા કેવળ જન્મદાત્રી જ નથી; પરંતુ સંસ્કારોનું સિંચન કરનાર શિક્ષક પણ છે. આથી જ કહેવાય છે કે એક સંસ્કારી માતા સો શિક્ષકોની ગરજ સારે છે. વનરાજને ગુણસુંદરીએ, શિવાજીને જીજાબાઇએ અને ગાંધીજીને પૂતળીબાઇએ યોગ્ય સંસ્કારો આપીને તેમનું જીવન ઉન્નત બનાવ્યું હતું.

માતાને એક સંતાન હોય કે આઠ, પરંતુ માનો પ્રેમ બધાં માટે સરખો જ રહે છે. વળી, બાળક અંધ-અપંગ હોય, કે બહેરું-મૂંગું હોય, મંદબુદ્ધિનું હોય કે તેજસ્વી હોય, પરંતુ માતાના પ્રેમમાં કંઇ જ ફરક પડતો નથી. વળી, માતૃપ્રેમ માત્ર મનુષ્યજાતિમાં જ જોવા મળે છે એવું નથી. પક્ષીઓ અને પ્રાણીઓ પણ પોતાનાં બચ્ચાંને ચાહે છે. ગાય એનાં વાછરડાંને પોતાના જીવની જેમ જાળવે છે. વાંદરી પોતાના બચ્ચાને શરીરે વળગાડીને જ ફરે છે. પક્ષીઓ ચણ લાવીને પોતાનાં બચ્ચાંની ચાંચમાં મૂકીને ખવડાવે છે. આથી જ બોટાદકરે ગાયું છે કે, ''જનનીની જોડ સખી, નહિ જડે રે લોલ.''

ઘરમાં મા ન હોય તો બાળકને પણ ઘરમાં રહેવું ગમતું નથી. બાપનું અવસાન થાય તો માતા પોતાના પેટે પાટા બાંધીને બાળકને ઉછેરે છે અને તેનું સારી રીતે જતન, ઘડતર કરે છે. જ્યારે માતાનું અવસાન થતાં બાળક સાવ નિરાધાર થઇ જાય છે. આવા સમયે બાપ પોતાના બાળકને માની જેમ પ્રેમ આપીને તેનું ઘડતર કરી શકતો નથી. આથી જ એમ કહેવાય છે કે, ''ઘોડે ચડનાર બાપ મરજો, પણ દળણાં દળનાર મા ન મરજો'. પ્રેમાનંદે ગાયું છે કે ''ગોળ વિના મોળો કંસાર, તેમ મા વિના સૂનો સંસાર.''

અનેક કષ્ટો વેઠીને બાળકના જીવનનું ઘડતર કરનાર માને પોતાના બાળક પાસેથી કોઇ અપેક્ષા હોતી નથી. તેને તો એક જ ઇચ્છા હોય છેઃ 'મારું બાળક સુખી થાય.' આવી માને ઘડપણમાં જ્યારે પુત્ર તરફથી માનને બદલે અપમાન અને પ્રેમને બદલે તિરસ્કાર મળે છે ત્યારે તેનું હૈયું કેવી વેદના અનુભવતું હશે ? માનું ઋણ આપણે ક્યારેય ભરપાઇ કરી શકીએ તેમ નથી. આથી જ કવિ મલબારીએ ગાયું છેઃ ''અર્પી દઉં સો જનમ એવડું મા તુજ લહેણું.'' ખરેખર જનની અને જન્મભૂમિ સ્વર્ગથી પણ મહાન છેઃ जननी जन्मभूमिश्च स्वर्गादऽपि गरियसी ।

**દિલીપભાઇ મોતીભાઇ પટેલ**

સૌજન્ય : સોશ્યલ મિડિયામાંથી સાભાર)

---

માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર

(ભગીરથ બ્રહ્મભટ્ટ લિખિત કાવ્ય 'બા' પાના નં. ૭ પર)

## ॥ વૈભવ-વારસો પદ્ય વિભાગ ॥

## હરિ હર હરિ હર

**ગોરખનાથ**

હરિ હર હરિ હર હીરા પરખ લે,
સમજ પકડ નિજ બૂટી !
સોહમ્ શબદ હરદામેં રખલે, ઓર વારતા સબ જૂઠી !

રમઝમ રમઝમ વાજાં વાગે, ઝલમલ ઝલમલ જ્યોતિ,
ઓહમ્-સોહમ્ સરવર જલમેં, હંસલો ચુગતો મોતી !

ઘટાકાશમાં સદ્‌ગુરુ આયા, અમૃત બુંદા વરસી,
ઘાટ-અઘાટ તરવેણી ભરા, (હંસે)નાદ અનોપમ પરસી !

આ કાયામાં પાંચ ચોર છે, ઉનકી પકડલે શિર ચોટી,
પાંચકું માર પચીસકું પકડે, તબ જાનું બુદ્ધિ મોટી !

સત્ શબ્દની સે બનાકે, ઢાલ પકડ લે ધીરપ કી,
ગ્યાન ખડક લૈ લડો ખેત મેં, તબ જાનું તેરી રજપૂતી !

પકી ઘડીકા તોલ બનાલે, ખોટ ન આવે એક રતી,
મછંદર પ્રતાપે ગોરખ બોલ્યા, અલખ લખે સો જતી !

## અચરત નજરે આયા સંતો

**મોરારસાહેબ**

અચરત નજરે આયા સંતો, જલમેં જ્યોતિ જગાયા,
એક અચરત (ટેક).
બીનાં મૂળ એક તરુવર ઠાડા, ડાળ પાત નહીં છાંયા.
ફળ બીના ફુલ ફુલ બીન ફળીયા, તીન લોક છવરાયા.
એક અચરત..૧
વિનાં પાળ એક પંખી બેઠા, પગ પાંખ નહીં કાયા.
વિના ચાંચ હંસા ચુગતા હે, મોતી ગોતી લાયા.
એક અચરત..૨
વિનાં મેઘ એક વિજ ચમુંકે, વિન વાદળ વરસાયા.
અધર દરિયા સૂભર ભરિયા, સમુદ્ર લેહેર સમાયા.
એક અચરત..૩
બીન પૃથ્વિ એક પરવત ઠાડા, તા પર જલ જમાયા.
ઉન જલ બીચ એક જોગી બેઠા, નૂરતે નાદ બજાયા.
એક અચરત..૪
જુગત બેટીયેં માતા જાયા, પુત્ર પિતાકું જાયા.
રજ્જ મોરાર રવિ કે ચરણે, તુરત તમાસા પાયા.
એક અચરત..૫

## આ કોણે બનાવ્યો ચરખો ?

**રવિસાહેબ**

આ કોણે બનાવ્યો ચરખો ?
એને નૂરતે સુરતે નિરખો, એના ઘડનારાને ઓળખો,
આ કોણે બનાવ્યો ચરખો ?
આવે જાવે એ બોલાવે, જ્યાં જોઇએ ત્યાં સરખો !
દેવળ દેવળ કરે પુકારા, પારખ થઈને પરખો !
આ કોણે બનાવ્યો ચરખો ?
ધ્યાન ધૂન મેં જોત જલત હૈ, મિટ્યો તિમિર અંતર કો,
એ અજવાળે આગમ સૂઝે, ભેદ જડ્યો ઉન ઘરકો.
આ કોણે બનાવ્યો ચરખો ?
પાંચ-તત્ત્વકા સાજ સજાયા, ખેલ ખરો ઈન નર કો,
પવન પૂતલી રમે પ્રેમસે, નેણ ઉઘાડી નિરખો !
આ કોણે બનાવ્યો ચરખો ?
'રવિરામ' બોલ્યા પડદા ખોલ્યા, મેં ગુલામ ઉન ઘરકો,
એ ચરખાની આશા ન કરશો, ચરખો નહિ રહે સરખો!
આ કોણે બનાવ્યો ચરખો ?

## મનને થીર કરીને...

**ગંગાસતી**

મનને થીર કરીને આવો રે મેદાનમાં મિટાવું સરવે કલેશ;
હરિનો દેશ તમને એવો રે દેખાડું રે,
જ્યાં નહિ વરણ કે વેર-
સૂક્ષ્મ સૂવું ને સૂક્ષમ ખાવું રે, સૂક્ષમ કરવો વેવાર,
શરીરની થીરતામાં ચિત્ત જેનું કાયમ રે,
વૃત્તિ ન ડોલે લગાર-
કુબુદ્ધિવાળાનો સંગ રે ચજવો ને,
રહેવું એકાંતે અસંગ,
કૂંચી બતાવું એનો અભિયાસ કરવો ને,
ધરવો નિત નવો રંગ-
ચિત્તને વિષયમાંથી ખેંચી રે લેવું ને,
રે'વું સદાય ઈન્દ્રીજિત
ગંગાસતી એમ બોલિયા રે (તેથી)
થાય નહીં વિપરીત -


ISSN 0976-9609

॥ નવાં કાવ્યો ॥

## કમખામાં ચિતરેલા મોર

યોગેશ પંડ્યા

કમખામાં ચિતરેલા મોર મને પૂછે છેઃ
ચોમાસું કેટલું છે દૂર ?
કે, હૈયામાં વાગે છે ઝીણું સંતુર !
કહી દે વરસાદ, મારાં મતવાલા નૈનોને
ક્યારે કરીશ ચકચૂર ?
કે હૈયામાં વાગે છે ઝીણું સંતુર !

કાળો ડિબાંગ પણે મેઘરવો જામ્યો છે
આથમણે વરસે ચોધાર,
પહેલ્લાં વરસાદમાં નેવાંની હેઠ અલી !
ભીંજાવા થઇ ગઇ તૈયાર !
માટીની ગંધ ક્યાંક આવે છે દૂરથી...
રણઝણવા લાગ્યાં નૂપુર !

હળવેથી વરસે છે ફોરાં, 'ને ફોરાં તો
કોરી હથેલીમાં ઝીલું,
અંદર પણ એક તારા નામનો અષાઢ...
મને ભીંજવે છે એવું ગમતીલું !

ફોરાં, 'ને છાંટા, 'ને ટીપાં 'ને વાછંટ...
'ને ધોધ... એવા વરસે ઘેઘૂર !

મેઘલી છે રાત, હોય સાજણનો સાથ
અને ઉપરથી વરસે વરસાદ,
દોડીને વહી જાઉં છું પ્રીતમની પાસ ?
-પણ, રોકે છે ઘરની મરજાદ !

કમખાનાં મોરલા બોલ્યાં કે સૈ !
આ તો જોબનનાં દાધા દસ્તૂર !

૧૪૧, શિવનગર,
તળાજા રોડ, ભાવનગર-૩૬૪ ૦૦૨,
(મો) ૯૨૬૫૦૬૮૫૨૭

## શમણાં ઘેલી

શીલા વ્યાસ

હે તારા ટેરવે ટહુક્યાં'તા મોરલા,
કે આંખે મારે વાદળાં વરસી પડ્યાં રે...
હું તો બેઠી'તી એકલી-અટૂલી પગથારે,
કોઇ જાણભેદુ પાસ આવ્યાના અણસારે
હે તારા હોઠલે હસ્યા'તા હંસલા,
કે હૈયે મારે હાકલા હરખી પડ્યા રે...
હું તો ઊભી'તી સૂની શેરીની મજધારે,
કોઇ કામણગારું પાશ જકડ્યાના થડકારે.
હે તારા પગલે કોળ્યાં'તા પોયણાં,
કે મૂકી મ્હેદીના ઢોલકાં ઢમકી પડ્યાં રે...
હું તો જાતી'તી પાણીડાં કૂવા કંઠારે,
કોઇ બ્હાવરું ફોરાં ઉડાડ્યાના ભરમારે.
હે તારા મનડે પરોવ્યાં'તા મોતીડાં,
કે અંગ મારે ઉઝરડાં ઉમડી પડ્યાં રે...

આર્ટ્સ-કોમર્સ-સાયન્સ કોલેજ,
બોરસદ, (મો) ૮૨૩૮૩૩૨૨૭૧

## ગઝલ

કિશોર બારોટ

છે છલોછલ તે છતાં સઘળી નદી પી જાય છે.
તોય દરિયાની તરસ ક્યા કોઇ દી' બુજાય છે.

જળભરી જાહોજલાલી ભોગવે સાગર સદા,
કોઇની પણ પ્યાસ માટે ક્યાં ટીપું ખર્ચાય છે ?

આપવાની હોય દાનત, ક્યાં જરૂરત કોષની ?
ચાંગળું જળ વીરડે, બેડાં છતાં છલકાય છે.

મ્હેંક લૂંટાવી પ્રભુનું લાડકું એ થઇ શક્યું,
ફૂલ ક્યાં કરતાલ લઇ કીર્તન કદી પણ ગાય છે ?

ભીખમંગાને જુએ ધિક્કારના ભાવે સદા,
મંદિરે એ માંગણીનું લીસ્ટ લઇને જાય છે.

ડી-૧૦૧, અમરદીપ હેરિટેજ,
કમલાનગર શાકમાર્કેટ પાસે, આજવા રોડ,
વડોદરા, (મો) ૯૯૨૫૨૫૨૨૯૦

॥ વૈભવ-વારસો - ગદ્ય વિભાગ ॥

## આ ભૂખનો વિચાર કરીશું ?

**બકુલ ત્રિપાઠી**

એસ.એસ.સી. પૂરી કરી રહેલાં કિશોર-કિશોરીઓ હવે એક વિશાળ, બૌદ્ધિક શૂન્યાવકાશમાં પ્રવેશી રહ્યાં છે.

જગત વિશે, જાત વિશે, જીવન વિશે સમજ મેળવવાની ભૂખ આ ઉંમરે ઊઘડશે, તે સંતોષવાની તક તેમને નહીં મળે. બૌદ્ધિક જાગૃતિને અનુરૂપ સ્વતંત્રતા જે ઉંમરે મળે છે. તે જ ઉંમરે વાચનની દુનિયાના દ્વાર તેમને માટે જાણે કે બંધ થઈ જાય છે.

શાળાનાં પુસ્તકાલયો ખાસ સમૃદ્ધ હોય છે. એમ તો ન કહેવાય. તોયે જેને અભ્યાસેતર વાંચવું હોય તે વિદ્યાર્થી શાળાકાળમાં ઠીક ઠીક વાંચી શકે છે. જ્યારે કોલેજના વિદ્યાર્થીઓ તો ગ્રંથાલયમાં જાય તે પાઠ્યપુસ્તકો માટે જ. ગ્રંથાલયોમાં જવા માટે કિશોરોને પ્રેરવાની કોઈ વ્યવસ્થા જ ના મળે. કોલેજના ચાર વર્ષ એટલે લાઈબ્રેરી જોડે લેવાદેવા વિનાનાં વર્ષો.

આમાં યુનિવર્સિટીનો, કોલેજોનો, પ્રાધ્યાપકોનો ઘણો વાંક કાઢી શકાય. પણ સૌથી મોટો વાંક તો છે મા-બાપોનો, આપણો સૌનો. છાતી પર હાથ મૂકીને કહો, તમે કદી વિચાર કર્યો છે કે હવેના દોઢ મહિનાના નવરાશના ગાળામાં તમારો પુત્ર કે પુત્રી શું વાંચશે ? કોલેજમાં આવનાર સંતાન માટે કપડાં કે નવાં ચંપલનો જેટલો વિચાર કરીએ છીએ તેના દસમા ભાગનોય એમની વાચનભૂખનો કરતા નથી આપણે; અને પછી ચાર વર્ષને અંતે એ ગ્રેજ્યુએટ લગભગ 'બાર્બેરિયન' જેવો થઈને બહાર પડે છે ત્યારે આપણે કાં તો કોલેજના તંત્રને, કાં તો જમાનાને કે 'જનરેશન ગેપ'ને ગાળ આપી. એના નામનો નિસાસો નાખી કામે વળગીએ છીએ. દરમિયાન આપણું બીજું સંતાન એસ.એસ.સી. પાસ થઈ એવી જ રીતે અજ્ઞાનના અરણ્યમાં ભટકવાના તબક્કામાં પ્રવેશી રહ્યું હોય છે.

પુસ્તકો અંગેની સગવડો વધારો, વાચન-શિબિરો યોજો, પ્રકાશન-યોજનાઓ આકારો. એવી કોઈ ભલામણો કરવાનું મન હવે નથી થતું. કારણ, એક વાત ચોખ્ખી છે કે આપણને વડીલોને જ પુસ્તકોની કંઈ પડી નથી. બાળકોને કંઈ વંચાવવાની આપણી રુચિ જ નથી. પૈસા અને સલામતી માટે ઝાવાં નાખવા સિવાય બીજાં સાંસ્કારિક મૂલ્યોની મા-બાપોને સાચી ચિંતા જ નથી. આપણે કબૂલ કરી લઈએ કે આપણે મોટેરાં એક અજ્ઞાની, અસંસ્કારી પેઢી છીએ અને આપણી પછીની પેઢીને આપણાથીય વધુ અજ્ઞાની ને અસંસ્કારી રાખવા અંગે આપણને કંઈ જ વાંધો નથી.

('ભૂમિપુત્ર' પખવાડિક : ૨૦૦૧)
'અરધી સદીની વાચનયાત્રા'માંથી સાભાર



**દીકરીને કરિયાવરમાં સોનાના દાગીના નહીં, પરંતુ સારાં પુસ્તકો આપો.**


ISSN 0976-9609

॥ લઘુકથા-૧ ॥

## સંતોષ

**કાલિન્દી પરીખ**

બંને ભાઈઓનો કેસ કોર્ટમાં ચાલતો હતો. બંનેને પોતાની સાથે છળ થયું હોય તેમ લાગતું હતું.

આજે એ વાતને દસ વર્ષ વીતી ગયા હતાં.

મોટા ભાઈને કેન્સરનું નિદાન થયું હતું. નાનો ભાઈ તેમની સારવારમાં લાગી ગયો. તેમની સાથે અમદાવાદ ગયો. મોટાભાઈની કિમોથેરાપી શરૂ થઈ.

કોર્ટની તારીખ પડી. બંને ભાઈઓ કોર્ટમાં તેમનો કેસ ચાલે છે, તે વાત જ ભૂલી ગયા હતા. પણ કોર્ટની નોટિસ આવી. એટલે નાના ભાઈએ કેસ પાછો ખેંચી લીધો. એટલું જ નહીં બાપીકી મિલકતનું મકાન તાબડતોબ વેચી, તેમાંથી મોટા ભાઈની ટ્રીટમેન્ટ શરૂ કરાવી. પણ મોટા ભાઈ બચી શક્યા નહીં.

થોડા દિવસ પછી નાના ભાઈની વહુએ કહ્યું, ‘‘બાપદાદાની મિલકત વેચી નાખી તોય મોટા ભાઈ તો બચ્યા નંઈ.’’

નાના ભાઈએ કહ્યું, ‘‘મોટા ભાઈ ભલે નથી પણ છેલ્લી ઘડીએ એમની આંખોમાં જે વિશ્વાસ અને પ્રેમનો સંતોષ છલકાતો હતો તેની પાસે કરોડોની મિલકત તુચ્છ છે.’’


૩, દેનાબેંક સોસાયટી,
સ્ટેશન રોડ, **અમરેલી-૩૬૫૬૦૧**
(મો) ૯૪૨૯૧ ૩૯૧૪૫

॥ વિશેષ ॥

**ભગીરથ બ્રહ્મભટ્ટ**

## બા

નાના સરખા એક શબ્દનો આભ જેવડો અર્થ
તમે તીરથનું સરનામું ‘બા’ અમે ભમીએ વ્યર્થ
મમતા માખણ લીંપીગુંપી
રાબ એટલે બાંધ્યાં
રમતાં રડતાં ચઢતાં પડતાં
નજર દોરથી સાંધ્યા
છીંકે ઠેસે ખમ્મા કહેતું સમરણ પણ છે સમર્થ
તડકાછાંયા ખમીખમીને
વેલ્ય ઝૂકે છે જેમ
માડી તારી એક જ મોસમ
પ્રેમ નિરંતર પ્રેમ
સપનામાં પણ સાદ કરું તો ‘બેટા’ બોલે તર્ત.



**સૌજન્ય : પેન અને પાટી માંથી સાભાર**

‘ગ્રેસ’, પ્લોટ નં. ૮૬૪,
સરદારનગર સોસાયટી પાસે, મહાદેવ વિસ્તાર,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦
(મો) ૯૮૭૯૫૨૩૨૭૬

॥ લઘુકથા-૨ ॥

## ભગવાન

**ગિરિમા ઘારેખાન**

મારી છ વર્ષની મુગ્ધાને ચિત્રો દોરવાનો બહુ શોખ હતો. સ્કૂલથી પાછા આવીને હું રસોઇ કરવા માંડતી અને એને થોડા કાગળ અને ક્રેયોન્સ આપીને ચિત્રો દોરવા બેસાડી દેતી. એ સૂર્ય, ચંદ્ર, આકાશ, વૃક્ષો, ફૂલો, કાર વગેરેના ચિત્રો દોરીને મને દેખાડતી જતી. હું ક્યારેક જરૂર પડે તો થોડું સુધરાવતી, થોડું વખાણતી, એટલે એને ચિત્રો દોરવાનું વધારે જોમ ચડતું. એને હંમેશા કશામાં વ્યસ્ત રાખવી પડતી, કારણ કે જો એનું મગજ થોડું પણ નવરું પડે તો તરત જ એ ‘મારા પપ્પા ક્યારે આવશે’ એમ પૂછવા લાગતી.

મુગ્ધાના જન્મના ત્રણ વર્ષ પછી હિરેનની નોકરી જતી રહી હતી. છ મહિના સુધી પ્રયત્નો કર્યા છતાં એને મનગમતી નોકરી મળી ન હતી. છેવટે કંટાળીને થોડા આડા-તેડા રસ્તે એ અમેરિકા પહોંચી ગયો હતો, એક સુખદ ભવિષ્યની શોધમાં. એ ભવિષ્યના સપનાં જોતી હું મારો સમય સ્કૂલની નોકરીમાં પસાર કરી લેતી હતી અને સાથે સાથે કોઇક રીતે અમેરિકા પહોંચી જવાય એવા રસ્તા પણ શોધતી રહેતી. પણ ક્યારેક મુગ્ધાને સમજાવવાનું મુશ્કેલ થઇ જતું. એના નાનકડા મગજમાંથી આટલા સવાલો ક્યાંથી ઉદ્‌ભવતા હતા એ જ મને સમજાતું નહીં. છેવટે કશું ન સૂઝે ત્યારે હું મુગ્ધાને કહેતી, ‘જા, ભગવાનને કહે કે આપણે પણ જલ્દી પપ્પા પાસે જઇ શકીએ, એવું મેજિક કરે,’ પછી એ અમારા ઘરના મંદિર પાસે પહોંચી જતી અને બે હાથ જોડીને, આંખો બંધ કરીને ભગવાન સાથે વાતો કરતી રહેતી. એની એ નિર્દોષ પ્રાર્થનામાં મારું મન પણ આપોઆપ જોડાઇ જતું.

આજે પણ રોજની જેમ હું રસોઇ કરતી હતી અને મુગ્ધા ચિત્રો દોરી રહી હતી. થોડા સમય પછી એક ચિત્ર લઇને એ મારી પાસે આવી, ‘જો મમ્મા, આ ચિત્ર કેવું છે ?’ હું શાક હલાવતે હલાવતે એ ચિત્ર સામે જોઇ રહી. આ શેનું ચિત્ર હતું ? કંઇ જ ખબર પડતી ન હતી. એ ઉત્સુકતાથી મારી સામે જોઇ રહી હતી. મેં પૂછ્યું, ‘આ શું દોર્યું છે ?’

‘ભગવાન’ એણે એક પહોળું સ્મિત કરીને જવાબ આપ્યો.


‘ભગવાન જ !- આ વળી કયા ભગવાન છે?’ મને કંઇ સમજાતું ન હતું. મારી દીકરી આવું ના સમજાય એવું તો ક્યારેય ના જ દોરતી.

‘મમ્મા, તારા એકેય ભગવાન આપણને પપ્પા પાસે મોકલતા નથી. એટલે આજે મેં મારા ભગવાન બનાવ્યા છે. હવે હું આમને કહીશ એટલે એ મારી વાત સાંભળશે.’

ખબર નહીં કેમ મારાથી પણ એ ચિત્ર સામે બે હાથ જોડાઇ ગયા.

૧૦, ઇશાન બંગ્લોઝ, સુરધારા-સત્તાધાર રોડ,
થલતેજ, અમદાવાદ-૩૮૦૦૫૪
(મો) ૮૯૮૦૨૦૫૯૦૯

**પ્રાર્થના એ ઈશ્વરનો મોબાઈલ નંબર છે. નેટવર્કમાં રહો તો રીંગ વાગે જ !!!**



 ISSN 0976-9609

॥ સંસ્મરણ ॥

## મારું વહાલું હૂંફાળું અમદાવાદ

**પ્રવીણ ગઢવી**

હું નાનો હતો અને પાંચ વર્ષે માંડ બોલતાં શીખેલો, ત્યારે મોટાભાઇ અમદાવાદ ભણતા. તેઓ આવવાના હોય ત્યારે હું 'અંદાવાદથી ભૈ આવશે' એમ બોલતો. અમદાવાદ બોલતાં નહોતું આવડતું !

પછી મોટાભાઇની સગાઇ અમદાવાદ થઇ એટલે અમે ભાભીને દાગીના ચઢાવવા મહેસાણાથી ટ્રેનમાં અમદાવાદ આવ્યા. તે વખતના કાળુપુર રેલવે સ્ટેશન પર ઊતર્યા. બહાર મુખ્ય રસ્તા પર મેં જોયું કે ઘોડાગાડીઓ, લાલ બસો, લારીઓ, રેંકડીઓ વગેરે સતત જતાં આવતાં હતાં, તે વેળા રિક્ષા નહોતી દેખાતી. મને નવાઇ લાગી. મેં બાપુજીને પૂછ્યું કે 'આ બધાં આવ-જા કેમ કરે છે ?' તે હસી પડ્યા. 'શહેરમાં વાહનો પોતપોતાના કામે આવ-જા કર્યા કરે.' પછી અમે ઘોડાગાડી કરી ગોમતીપુર પટવા શેરીમાં ગયાં.

ભાભીનું પિયર પંચની ખડકીમાં હતું. પહેલાં ચોક હતો. તેની બે બાજુ એક માળનાં મકાન હતાં. તેમાં ચાર કુટુંબ રહેતા હતાં. તેમાં એકાદ ઝાડ હતું, તુલસી ક્યારો હતો. પાણી ગરમ કરવાનો બંબો પડ્યો હતો. ભાભીના ઘરને ઓસરી, પછી ઓરડો હતો. બાજુમાં રસોડું અને પછી અંદર એક અંધારિયો ભેજવાળો વાસ મારતો ઓરડો. તાંબા-પિત્તળની ઉતરડો, નવરાત્રિની લ્હાણીની નાની વાટકીઓ આછા પ્રકાશમાંય ચમકતી હતી. વચ્ચે પાટ ઝૂલતી હતી.

મને સંડાસ જવાનું મન થયું. ખડકીની બહાર ઓટલા પર પતરાના બારણાવાળું સંડાસ હતું. મળમૂત્ર અને બીડીની ભયંકર દુર્ગંધ આવતી હતી. માંડ માંડ બેસી શક્યો. તે પછી તો બે દિવસ સુધી હું સંડાસ જઇ ન શક્યો. અમારા ગામમાં ઘરે તો વાડામાં વખડી નીચે ખુલ્લું જાજરૂ હતું અને રોજ સવારે ભીખાની વઉ સાવરણો મારી જતી.

રાત્રે પથારીમાં ઊંઘવાનું થયું. ઘરે તો શણનું વાણ ભરેલા ખાટલા, રૂનાં ગોદડાં, અહીં તો ગાભાની પથારી હતી, ફાવે નહિ, ખૂંચે. લાઇટો બંધ થઇ એવા પથારીમાં વાઘ-વરુની જેમ માંકડ ફરવા લાગ્યા અને ચટકવા માંડ્યા. થોડી વાર પછી કાનમાં ગણ ગણ કરી, ચેતવણી આપી ઊડતા શયતાન મચ્છર આવ્યા. નીચે માંકડનું ભૂમિદળ અને ઉપર મચ્છરનું વાયુદળ. અમારું તો શેર લોહી પી ગયા હશે. અમારે ગામ તો ચોખ્ખી હવા, માંકડ-મચ્છરનું નામ નહિ. હા, ભેંસો ખરી, એટલે આંગણામાં ચાંચડ ખરા. પણ ખાટલામાં પગ ઊંચા કરી બેસીએ તો કરડે નહિ, એવી તેમની કૃપા.

ભાભીની નાની બહેન ગીતાને જોતાં જ તે મારા મનમાં વસી ગઇ. વર્ષો પછી તે મારી સહચારિણી બની.

પછી બાપુજી સહકુટુંબ ફોટો પડાવવા ગાંધી રોડ પરના સ્ટુડિયોમાં લઇ ગયા. ફોટોગ્રાફર માથે કાળું કપડું ઓઢી. સ્માઇલ બોલી, મોટા બોક્ષમાંથી તણખા ઝરતું ફલેશ કરી ફોટો પાડે.

કાંકરિયામાં વાઘ, સિંહ, મગર બતાવ્યા. બાલવાટિકામાં બકરાગાડી, હરણગાડીમાં બેસાડ્યો. ચેતના હોટલના મેનેજર એમના મિત્ર, ત્યાં જમવા લઇ ગયા. થાળીમાં આટલી બધી વાટકીઓ-વાનગીઓ હોય તેવી ત્યારે ખબર પડી. ઘરે તો ત્રાંસાનાં થાળી-તાંસળીમાં રોટલા-શાક-કઢી-દાળ હોય.

ગામમાં પ્રાથમિક શિક્ષણ પૂરું થતાં હાઇસ્કૂલમાં ભણવા મોટાભાઇ પાસે મને અમદાવાદ મોકલ્યો. ગોમતીપુરની ડેમોક્રેટિક હાઇસ્કૂલમાં દાખલ થયો. હાઇસ્કૂલમાં ગોમતીપુર ગામની પોળોના અને રાજપુરની ચાલીઓના વિદ્યાર્થી ભણવા આવે મોટાભાગના દલિતો, એમાં એક નટુ મેકવાન નામે મારો દોસ્ત થયેલો. એના ત્યાં ગયો ત્યારે મેં પ્રથમ વાર ચાલી જોઇ. આંગણામાં જ પવિત્ર ગટરગંગા વહે, તેને કિનારે લથડિયાં ખાતા શરાબીઓ ફિલ્મી ગીત ગણગણતા નીકળે !

મારું ચિત્રકામ સારું. ચિત્રશિક્ષક શેલત

સાહેબ અમને કેટલાકને કાંકરિયા, ચંડોળા એમ ચિત્રો દોરવા લઇ જાય, ત્યારે ચંડોળા ચિલિકા સરોવર જેવું વિશાળ હતું. તેમાં કમળો ખીલતાં અને સુરખાબ ચારો ચરતા. એક વાર આજના ઇંદિરાબ્રિજ પાસે સાબરમતી કિનારે લઇ આવેલા ત્યારે સાબરમતીમાં હોડીઓ ચાલતી. હોડીઓ, માછીમારોનાં ચિત્રો દોરી અમે હોડીમાં બેસી સામા કિનારે ચાંદખેડા કાચનું મંદિર જોવા ગયેલા.

હું દસમા ધોરણમાં હતો ત્યારે ઇતિહાસ શિક્ષક તરીકે કાલિદાસ પરમાર આવેલા. તેમણે માર્ક્સ, લેનિન, સ્ટાલિન અને રશિયન ક્રાંતિ વિશે ભણાવ્યું, તેથી હું સામ્યવાદી થયો અને પછી યુવાવસ્થામાં કાર્યકર તરીકે મેં રાજપુર, અમરાઇવાડી, ચમનપુરાની ચાલીઓ જોઇ. ઠેરઠેર સભાઓ-મીટિંગો કરી. રેલી, સરઘસ, ધરણાં, દેખાવો, સૂત્રોચ્ચાર અને મિલમજૂરોની હડતાલો પાર વગરની કરી. ગરીબી, ગંદકી અને ગિરદીથી ભરેલી ચાલીઓ જોઇ ત્યારે નરક જોયાનો અહેસાસ થયો. હા, નરકમાં દારૂ ન મળે. અહીં તો દારૂની રેલમછેલ ! ચોતરફ વહેતી સપ્તસિંધુઓ જેવી ગટર સરિતાઓ, સાંકડમૂકડ અને ગરીબીમાં મનુષ્ય જીવી કેવી રીતે શકે ? મારા યુવાન રક્તમાં ક્રાંતિની આગ ધગધગતી.

નીરવ-દલપતની દોસ્તીને કારણે દલિત કવિતા લખતો થયો. ગંદકી, ગરીબી, લાચારી સામેનો આક્રોશ કવિતામાં ઊતરવા લાગ્યો. દલિતોની ગરીબીનું દુઃખ તો અનુભવેલું, પરંતુ અસ્પૃશ્યતા, અવહેલના અને અપમાનનું દુઃખ હવે અનુભવ્યું અને કવિતામાં 'આક્રોશ' પ્રગટ થયો. કાવ્યજગતમાં ત્યારે ખળભળાટ મચી ગયેલો.

હું મેટ્રિક પાસ થયો તે જ વર્ષે ૧૯૬૯ માં અમદાવાદમાં ભયંકર હુલ્લડ થયું. અમદાવાદનું રૌદ્ર રૂપ ત્યારે જોવા મળ્યું.

'ચાલો બતાવું અમદાવાદ' કાવ્યસંચયમાં મારું એક કાવ્ય પ્રગટ થયેલું તેમાં મેં હુલ્લડરૂપી કૂતરાને ગરીબ મજૂર રૂપી કૂણા સસલા પર ધસી આવતો અને સસલાને વી. એસ. હોસ્પિટલમાં દાખલ થતું બતાવ્યું હતું.

વળી થોડા સમય પછી અનામત-વિરોધી તોફાનો ફાટી નીકળ્યાં. દલિતોની ચાલીઓ, સોસાયટીઓ પર હુમલા થયા, આગ લગાડાઇ, સરકારી કર્મચારીઓએ હડતાલો પાડી. એક વાવાઝોડાની જેમ અનામત વિરોધી તોફાનો પસાર થઇ ગયાં.

કૉલેજના મિત્ર અને કવિ નીરવ પટેલ સાથે ભઠિયારગલી જોઇ. અમદાવાદમાં જેમ ફાફડા, ગાંઠિયા, ખમણ, સમોસા, પટ્ટીસમોસા, દાળવડા, ગોટા વગેરેનો સ્વાદ પ્રસિદ્ધ છે, એમ ભઠિયારગલી મુગલાઇ ખાનાના સ્વાદ માટે વિખ્યાત છે.

પ્રથમ નોકરીમાં નાયબ મામલતદાર તરીકે ઓર્ડર મળતાં મોડાસા જવાનું થયું. ત્યારે અમદાવાદનો વિરહ થયો. રાજકીય પ્રવૃત્તિ અને રખડપટ્ટી છોડી સરકારી ફાઇલોમાં ગૂંચવાવું પડ્યું. ગામ છોડતાં રડ્યો હતો, એમ અમદાવાદ છોડતાં પણ રડ્યો હતો.

ખેડાથી અમદાવાદ પાછા રહેવા આવવાનું થયું, ત્યારે મેં નીરવને કહ્યું, આપણે મુંબઇ, દિલ્હી, કલકત્તા, જયપુર એમ બહાર જઇએ ત્યારે તે શહેરોનાં જોવાલાયક સ્થળો જોઇએ છીએ. પરંતુ જ્યાં રહીએ છીએ તેનાં સ્થળો જોતા નથી.

અલબત્ત, ગોમતીપુરમાં આવેલાં ઝૂલતા મિનારા જોયેલા, ઉપર ચઢી હલાવેલા પણ ખરા. પરંતુ જુમ્મા મસ્જિદ, કાલુપુરના મિનારા, હઠીસિંહનાં દહેરાં, સરખેજના રોજા, અડાલજ વાવ જોયેલાં નહિ એટલે એક દિવસ ફરી વળ્યા. સીદી સૈયદની જાળી તો લાલ દરવાજા જતાં-આવતાં જોવા મળે અને પથ્થરવેલનાં બરડ પાન ફરકતાં દેખાય ! તેવી કવિતા મેં લખેલી. ભદ્રનો કિલ્લો તો રોજ દેખાય. આઝમખાન પેલેસના સરકારી ગ્રંથભંડારમાં પણ આંટો માર્યો.

ઘણાં વર્ષો પછી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા હેરિટેજ વૉક શરૂ થઇ, ત્યારે હિન્દુ, જૈન અને મુસ્લિમ સંસ્કૃતિની પથ્થરમાં કોતરાયેલી સુંદરતા જોઇ અભિભૂત થઇ જવાયું. અમદાવાદ આટલું સુંદર


ISSN 0976-9609

પણ છે ! હવે તો અમદાવાદ વર્લ્ડ હેરિટેજ સિટી બન્યું છે, તેનો આનંદ છે. મિરાતે અહમદીમાં તેને જિન્નત ઉલ બિલાદ અર્થાત્ શહેરોનું સૌંદર્ય કહ્યું છે, તો કવિ શિરાજીએ કયામત સુધી અજર-અમર રહેવાના આશીર્વાદ આપેલા છે. અહમદશાહ બાદશાહે શિલ્પીઓને કહેલું કે અહીં એવું શહેર બાંધો કે એની ધૂળને ઇરાનની સુંદરીઓ સુરમો માની આંખે આંજે ! અલબત્ત, મોગલ બાદશાહ જહાગીર ગાંધીજી જેવો અત્યંત સ્વચ્છતાપ્રેમી હશે, તેણે અમદાવાદને 'ગર્દાબાદ' ધૂળિયું નગર કહેલું ! અને કાંકરિયાથી પાછો વળી ગયેલો.

મુંબઇ જે કોઇ જાય તે પ્રિન્સ ઓફ વેલ્સ મ્યુઝિયમ (હવે શિવાજી) જુએ જ ! તો અમદાવાદમાં સંસ્કાર કેન્દ્રમાં નગર મ્યુઝિયમ, વિદ્યાપીઠનું આદિવાસી મ્યુઝિયમ, કેલિકો મ્યુઝિયમ અને સરદાર પટેલ મ્યુઝિયમ છે. પરંતુ તે કોણ જોવા જાય છે ?

કૉલેજમાં જતો ત્યારે ટૉકિઝમાં સવારના શોમાં બંગાળી ફિલ્મો અને એડવાન્સ ટૉકિઝમાં વિશ્વયુદ્ધ વિષયક ઘણી અંગ્રેજી ફિલ્મો જોયેલી. અમદાવાદમાં નાટકનું વૃક્ષ ઊછરતું નથી. છતાં પ્રવીણ જોશી અને આકંઠ સાબરમતીનાં નાટક જોયેલાં. શાસ્ત્રીય સંગીતના કાર્યક્રમો પણ હવે સપ્તક દ્વારા થયા, પહેલાં સંગીત શૂન્ય હતું અમદાવાદ !

અમદાવાદમાં માણેકલાલ જેઠાલાલ પુસ્તકાલયનો ગુંબજ તાજમહાલ જેવો લાગે. હું મા.જે.માં નિયમિત જતો. પુષ્કળ વાંચ્યું છે મેં. બહાર આવેલા હોજમાં તરતી રક્તવર્ણી મત્સ્ય જોતાં શીતલતા અને શાંતિનો આહ્‌લાદક આનંદ આવતો. મારે માટે તો એમ જે. લાયબ્રેરી યુનિવર્સિટી જેવી હતી.

શાહીબાગમાં સારાભાઇ પરિવારે રિટ્રીટમાં કવિઓની બુધસભા માટે અટિરાની હવેલી ફાળવેલી. પરિસરમાં પ્રવેશીએ એવાં ઊંચા ઘટાદાર વૃક્ષ, લીલીછમ લોન અને આરસના ફુવારા જોતાં પોતાને ચૂંટી ખણવાનું મન થાય કે, આપણે અમદાવાદમાં જ છીએ ? કવિતા કરતાં વાતાવરણની સુંદરતા વિશેષ આનંદ આપતી ! ગાંધી આશ્રમ તો વારંવાર જવું ગમતું.

અગાઉ જે રાજભવન હતું, તે હવે સરદાર પટેલનું મ્યુઝિયમ છે. તેમાં પણ વારંવાર જવું ગમતું અને રવીન્દ્રનાથ જે ઓરડામાં રહેલા, જે બાલ્કનીમાં બેસી વહી જતી રમ્ય ઘોષા સાબરમતી જોતાં ત્યાં રવીન્દ્ર સંગીત સાંભળવા જેવો આનંદ આવતો.

ગુજરાત વિદ્યાપીઠ અને નવજીવન - ત્યાં જતાં જ સારસ્વત ગાંધીનો અહેસાસ થાય. વિદ્યાપીઠની લાયબ્રેરી અને એનું આદિવાસી મ્યુઝિયમ બેનમૂન છે. ગાંધી સાહિત્યમાં વિહરવું ખૂબ ગમતું.

સુલતાનો-મોગલોના શાસન વખતે તો અમદાવાદ બાગ-બગીચાનું નગર ગણાતું. બાગે ફિરદોશ અને કાંકરિયા તળાવ વિશ્વવિખ્યાત હતાં. અત્યારે તો કાંકરિયા ઉપરાંત વિક્ટોરિયા, ભીખાભાઇ, લો ગાર્ડન, પરિમલ અને સરદાર બાગ રહ્યા છે. કોલેજમાં ભણતાં ત્યારે સરદાર બાગમાં કાવ્યગોષ્ઠિઓ ખૂબ કરતા. હું અને નીરવ તેને લાલ દરવાજા યુનિવર્સિટી કહેતા. 'લાલ દરવાજા પોએટ્સ વર્કશોપ' પણ અમે ચલાવેલી અને કાવ્યોનાં ચોપાનિયાં છપાવતા.

નદીકિનારે ભીખાભાઇનો પ્રેમોદ્યાન છે. સગાઇ પછી હું અને ગીતા પણ ઘણીવાર એમાં બેસતાં. પરિમલ ગાર્ડન અને લો ગાર્ડન મોર્નિંગ વોકર્સ માટે સ્વર્ગ સમાન છે. વિક્ટોરિયા ગાર્ડનમાં વિક્ટોરિયા રાણીની ભવ્ય સુંદર મૂર્તિ શોભા આપતી હતી. પરંતુ રાષ્ટ્રવાદના અતિરેકમાં જ્યોર્જ ફર્નાન્ડિસે રાણીનું નાક તોડી નાખ્યું હતું !

ગુજરાત ગાંધીજીનાં અહિંસા, સર્વ-ધર્મ-સમભાવ, અસ્પૃશ્યતા નિવારણ, સ્વચ્છતા, માનવ-સમાનતા વગેરે તો ભૂલી ગયું જણાય છે, પરંતુ નશાબંધીનો વિચાર પકડી રાખ્યો છે. અમદાવાદમાં કાયદા પૂરતી નશાબંધી છે, તેથી અહીં મુંબઇ જેવાં બાર-રેસ્ટોરાં તો ન હોય, એટલે નાઇટ લાઇફ તો શું

હોય ? પરંતુ એકવાર નીરવ મને અમદાવાદની નાઇટ લાઇફ કે ડાર્ક લાઇફ જોવા લઇ ગયો. એલિસબ્રિજ નીચે જ દારૂનો મોટો અડ્ડો હતો. લોકોને ત્યાં દારૂ પીતા અને ટીક્કા-કબાબ ખાતા જોયા પછી સરસપુર ગયા. ત્યાં તો વળી ભવ્ય અડ્ડો-મ્યુઝિકવાળો ! જુગાર રમાતો હતો. જાણે કે કેસિનો રૉયલ ! ગોમતીપુરમાં ઉષા ટૉકિઝ પાસે નોનવેજની લારીઓ પર લોટામાં દારૂ મળે, સાથે ફ્રાય ફિશ, ચિકન ટિક્કા, કબાબ એવું બધું મળે !

અમદાવાદમાં હું બાર વર્ષ રહ્યો. પછી ગાંધીનગરમાં પ્લોટ મળ્યો એટલે દ્વિધા થઇ. અમદાવાદમાં પ્રવૃત્તિ અને ગાંધીનગરમાં પ્રકૃતિ-શું પસંદ કરવું ? આખરે ગાંધીનગર નિવાસ સ્વીકાર્યો. પરંતુ દર સોમવારે એલિસબ્રિજ જીમખાનામાં તરવા અચૂક જાઉં છું. સાહિત્ય પરિષદ અને વિશ્વકોશના સાહિત્યિક કાર્યક્રમોમાં અવારનવાર જવું ગમે છે. એ કારણે અમદાવાદ પ્રિય લાગે છે ! ગાંધીનગરથી અમદાવાદ રિવર ફ્રન્ટના કારણે હવે તો ફલાંગ ભરીએ અને પહોંચી જવાય એટલું નજીક છે, તોય અમદાવાદની હૂંફ તો ગાંધીનગરમાં નથી જ મળતી ! અમદાવાદ તો અમદાવાદ જ !


આઇ.એ.એસ.
આસવ લોક, ૪૬૬/૨, સેક્ટર-૧
ગાયત્રીમંદિર પાછળ, ગાંધીનગર-૩૮૨૦૦૭
(મો) ૯૯૭૯૮૯૩૯૯૦







ISSN 0976-9609

॥ નીતિબોધ ॥

## "કર્મફળ અને ટેનિસ બોલ"

**હર્ષદ દડિયા**

જીવન જીવતા કોઈપણ સમયે, સ્થળે સારું કે ખરાબ કરેલું કર્મ ક્યારે ને ક્યારે ઉદિત પામી પ્રકાશમાં આવી ફળ સ્વરૂપે જે કાંઈપણ જીવન જીવતા આપે છે તે કર્મફળ કહેવાય છે. શ્રીકૃષ્ણે ગીતામાં જગતના માનવીને કહ્યું છે કે તું બસ કર્મ જ કરે જા... ફળની આશા ન રાખીશ તે આપવાનું મારી પર છોડી દે ! સારું કર્મ ક્યારેક નિષ્ફળ જતું નથી. અણીના સમયે ભૂખ્યાઓને ભોજન, જરૂરિયાતમંદોને દવા-હોસ્પિટલ વગેરેની મદદ, શાળા કે કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને મદદ... કોઈકને ધંધો શરૂ કરવામાં કરેલી આર્થિક મદદ. આવી તો અસંખ્ય ઘડીઓ જીવનમાં આવે છે. જે સારું કર્મ કરવાને પ્રેરે છે. આનાથી વિપરીત ખરાબ કર્મ... જેમકે કોઈકને ખૂબ ઈજા પહોંચાડવી. તોલ-મોલમાં છેતરપિંડી કરવી... વિશ્વાસઘાત કરવો... ખૂનામરકી, અત્યાચાર કે તેથી વધીને બળાત્કાર વગેરે કૃત્યો છાના રહેતાં નથી. પોકારી પોકારી ને ઉદિત થઈ... જિંદગી બદતર કરી નાખે છે. જેમ દીવાલ ઉપર જોરથી ટેનિસ બોલ ફેંકતા તેટલી ઝડપથી ફેંકનાર પાસે પાછો આવી જાય છે. તે જ પ્રમાણે કર્મફળ પ્રકાશમય થઈ બદલારૂપી કાં તો ભેટ અથવા સજા આપે છે. તો જીવનમાં હરહંમેશ ધ્યાન રાખવું કે કર્મફળ જરૂરથી મળશે જ તો પછી સત્કાર્યો, ભલમનસાઈ, સમાજવર્ગને ઉપયોગી, થાય તેવું જ કાર્ય કરવું જે ચોક્કસ કોઈપણ જન્મે.. કોઈ પણ સમયે ક્યાંય પણ મળશે અને ખરાબ કર્મે ચૂકવવું પડશે.. તેની સજારૂપી યાતના.. ચાલો.. કર્મ કરીએ એવું કે નિરાંતે જીવન વિતે...

દૂર રહીએ.. કુકર્મોથી જે કોઈને તો શું ભગવાનને પણ છોડતું નથી.

એ/૫, વૈભવ, તિલક રોડ, ઘાટકોપર (ઈસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૭૭, (મો) ૯૬૧૯૦૯૬૬૭૫
Email:saryutextiles@yahoo.co.in





॥ ભૂલ-સુધાર ॥

વિ-વિદ્યાનગરના મે-૨૦૨૩ (સળંગ અંક-૬૧૯) માં પાનાં નં. ૧૬ ૫ર પ્રકાશિત થયેલ લેખ (શાકુરા વૃક્ષોની છાયામાં-જાપાનમાં) કોલમ-૨, પેરાગ્રાફ-૩ લાઈન નં.-૫ માં 'પર્વતારોહક' ને બદલે 'પર્લહાર્બર' એમ વાંચવું. મુદ્રણદોષ બદલ ક્ષમા પ્રાર્થીએ છીએ.

**- તંત્રી મંડળ**

॥ માહિતી લેખ ॥

## આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ

**મિહિર એમ. વોરા**

મિત્રો, આ લેખમાં વિવિધ સંદર્ભો અને વિવિધ અખબારી અહેવાલોનો ઉપાયોગ કરીને મેં માત્ર માહિતી આપવાનો પ્રયત્ન કર્યો છે જેની નોંધ લેજો. વિશ્વભરમાં દર વર્ષે ૧૮ મે ના રોજ આંતર-રાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ મનાવવામાં આવે છે. ઈન્ટરનેશનલ કાઉન્સિલ ઑફ મ્યુઝિયમ આ ખાસ દિવસ પર વિશેષ કાર્યક્રમનું આયોજન કરે છે.

આ ખાસ દિવસને મનાવવાનો હેતુ સમાજને સંગ્રહાલયના મહત્ત્વ વિશે જાગૃત કરવાનો છે. કોઇ સંગ્રહાલય પાસે ભલે રાજકીય શક્તિ નથી હોતી પરંતુ તેની પાસે રાજકીય પ્રક્રિયાઓને પ્રભાવિત કરવાની શક્યતાઓ હોય છે. સંગ્રહાલયો દ્વારા સંગ્રહિત કરવામાં આવતી વસ્તુઓ દુનિયા માટે એક આર્કાઇવ તરીકે ઉપયોગમાં આવે છે.

ઈન્ટરનેશનલ કાઉન્સિલ ઑફ મ્યુઝિયમે વર્ષ ૧૯૭૭ માં આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસની શરૂઆત કરી હતી. ત્યારબાદથી દર વર્ષે ૧૮ મે ના રોજ આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ મનાવવામાં આવે છે. સમગ્ર દુનિયાના સંગ્રહાલય પોત-પોતાના દેશમાં તેનું આયોજન કરે છે.

સંગ્રહાલયના મહત્ત્વને લઇને જાગરૂકતા ફેલાવવા માટે કેટલાય પ્રકારના કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. વર્ષ ૨૦૦૯ માં ૯૦ થી વધારે દેશોના ૨૦,૦૦૦ સંગ્રહાલયે આંતરારાષ્ટ્રીય સંગ્રહાલય દિવસમાં ભાગ લીધો હતો. વર્ષ ૨૦૧૦ માં ૯૮ દેશ, ૨૦૧૧ માં ૧૦૦ દેશ અને વર્ષ ૨૦૧૨ માં ૧૨૯ દેશના લગભગ ૩૦,૦૦૦ સંગ્રહાલયે ભાગ લીધો હતો.

ઈન્ટરનેશનલ કાઉન્સિલ ઑફ મ્યુઝિયમ આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ મનાવવા માટે એક ખાસ થીમ બનાવે છે. ૨૦૨૩ ઈન્ટરનેશનલ મ્યુઝિયમ ડે એડિશન (૧૮ મે) ની થીમ મ્યુઝિયમ, સસ્ટેનેબિલિટી અને વેલબીઇંગ છે.

ઈન્ટરનેશનલ કાઉન્સિલ ઑફ મ્યુઝિયમ (આઇકોમ) ઐતિહાસિક, ધાર્મિક અને સાંસ્કૃતિક મહત્ત્વ ધરાવતી વસ્તુઓનો સંગ્રહ કરનાર મુખ્ય સંગઠન છે. સમગ્ર વિશ્વમાં આઇકોમની ૩૧ આંતરરાષ્ટ્રીય સમિતિઓ છે. આ તમામ સમિતિઓ સંગ્રહાલય સાથે સંકળાયેલ અલગ-અલગ ક્ષેત્રમાં વિશેષતા ધરાવે છે.

આ સાથે જ આઇકોમ મહત્ત્વની વસ્તુઓની ગેરકાયદેસર ચોરીને રોકવા માટેનું પણ કામ કરે છે. અને કટોકટીની પરિસ્થિતિમાં સંગ્રહાલયોને સહાય પણ પૂરી પાડે છે.

આપણા સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસાને સુરક્ષિત રાખવા અને તેના પ્રચારમાં સંગ્રહાલય ખૂબ જ મહત્ત્વની ભૂમિકા નિભાવે છે. સંગ્રહાલય દ્વારા આપણી આસપાસની ધાર્મિક, સાંસ્કૃતિક અને ઐતિહાસિક દૃષ્ટિએ મહત્ત્વ ધરાવતી વસ્તુઓને એકત્રિત કરીને તેને સુરક્ષિત રાખવામાં આવે છે.

ઈન્ટરનેશનલ કાઉન્સિલ ઑફ મ્યુઝિયમ દ્વારા દર વર્ષે આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ ઉજવવામાં આવે છે. ભવ્ય ઐતિહાસિક વારસો સાચવવા માટે મ્યુઝિયમ ઉપયોગી છે. મ્યુઝિયમ ઉપરથી આપણને ખબર પડે છે કે, આપણો ભૂતકાળનો સમય કેવો સુંદર હતો. સંગ્રહાલયમાં સોના-ચાંદીનાં ઘરેણાંના નમૂના તેની ડીઝાઇન, શાળકામ, યુદ્ધ શસ્ત્રોના નમૂના, પુરાતત્ત્વીય ઈતિહાસના નમૂના, પ્રાણીના અવશેષો અને અન્ય સાધન-સામગ્રી ઉપરાંત વાહન-વ્યવહાર સાથે જોડાયેલા સંસ્કૃતિ અને સભ્યતાની રજૂઆત કરવામાં આવેલ છે.

સાંસ્કૃતિક યોજના કલા સાથે જોડાયેલ. ઘણા સંગ્રહાલયો મફત અથવા ખૂબ સસ્તો પ્રવેશ પણ પ્રદાન કરે છે. બીજા શબ્દોમાં કહીએ તો, સંગ્રહાલયો એક સામાજિક વારસા તરીકે સંસ્કૃતિના લોકશાહી-કરણને પ્રોત્સાહન આપે છે. આ સાંસ્કૃતિક યોજનાનો આનંદ માણવા માટેના પાંચ સૌથી મહત્ત્વપૂર્ણ કારણો કયા છે ?


ISSN 0976-9609

નવી વસ્તુઓ શીખવાની ઘણી રીતો છે. અને તેમાંના કેટલાક પુસ્તકો વાંચવાની ટેવથી આગળ વધે છે. ઉપસ્થિતોને નવી વસ્તુઓ શીખવાની તક મળે છે. અહીં ફુરસદના સમયમાં પણ અનાયાસે શિક્ષણ પ્રાપ્ત થાય છે. એટલે કે, ફુરસદ અને શિક્ષણ એ બે સંપૂર્ણપણે સુસંગત ખ્યાલો છે.

ભાવનાઓ વિવિધ પ્રકારની હોય છે. સંગ્રહાલયમાં તમે અનુભવી શકો છો. સામાજિક લાગણીઓ ઘણી ક્ષણોમાં આ પ્રકારની પ્રવૃત્તિ જૂથમાં માણવામાં આવે છે. ઉપરાંત તમે સૌંદર્યલક્ષી લાગણીઓને વ્યવહારમાં પણ મૂકી શકો છો. સુખાકારીની તે ભાવનાઓ કે જેનો તમે અનુભવ કરો છો જ્યારે તમે કોઇ કૃતિની અતિ ઉત્તમ સુંદરતાનું નિરીક્ષણ કરો છો. કહેવાનો અર્થ એ છે કે, તે ભાવનાઓ છે જે ચિંતનથી જન્મે છે.

મ્યુઝિયમની મુલાકાત લેવાનો અનુભવ તમે અનુભવેલી ભાવનાઓ દ્વારા યાદોમાં રહે છે. તેથી, તે આનંદમાં રોકાણ છે.

કોઇ ફરક નથી પડતો કે તમે ભૂતકાળમાં કોઇ સંગ્રહાલયની મુલાકાત લીધી છે. જો તમે હવે તેની મુલાકાત લો છો તો તમને સમાચાર મળશે. અને આ સંગ્રહાલયોનો જાદુ પણ છે. કલાને દૃશ્યતા આપવા માટે તેની સતત ઉત્ક્રાંતિ આવશ્યક છે. આ ઉપરાંત, તમે તમામ પ્રકારની સંગ્રહાલયોની મુલાકાત લઇ શકો છો, નાની જગ્યાઓ પણ સ્થાનિક કલાકારોની પ્રતિભાને પોષણ આપતી નાના-પાયે આર્ટ ગેલેરીની વ્યવસ્થા હોય છે.

મ્યુઝિયમની મુલાકાત એક મનોરંજક પ્રવૃત્તિ છે જેનો તમે કુટુંબ તરીકે, મિત્રો સાથે, સહપાઠીઓ સાથે અથવા એકલા પણ આનંદ માણી શકો છો. હકીકતમાં, તમે અનુભવના આધારે સંગ્રહાલયનો દેખાવ અલગ કરી શકો છો.

ઘણા લોકો માટે, સંગ્રહાલયની મુલાકાત એ લગભગ આકસ્મિક કાર્ય છે. તમારા શેડ્યૂલ પર એક દુર્લભ યોજના. આ રચનાત્મક પ્લેઝર દ્વારા તમે સામાન્ય કરતાં તદ્દન જુદી પ્રવૃત્તિઓ કરવાની સુખાકારીનો આનંદ લઇ શકો છો અને આશ્ચર્યજનક પરિબળનો અનુભવ કરી શકો છો. સંગ્રહાલયો એ શાંતિથી અને ઉતાવળ વિના મુલાકાત લેવાની જગ્યાઓ છે. તેથી, એક સમય એક કલાક અનામત રાખો જ્યારે તમે આ પ્રવૃત્તિને મનની શાંતિથી માણી શકો.

"હું ફક્ત જાણું છું કે મને કશી જ ખબર નથી", સોક્રેટીસનો આ સંદેશ, જ વલણ દર્શાવે છે. સમજદાર વ્યક્તિ ચિંતાઓવાળી વ્યક્તિ જે હંમેશા શીખવા માંગે છે. તેને માટે સંગ્રહાલયમાં જવું એ એક અનુભવ છે, જે કલ્પનાઓ અને વિચારોથી મનને શિક્ષિત કરે છે. જે તમારું જીવન બદલી શકે છે.

(સંદર્ભ વિવિધ અખબારી અહેવાલ અને વિકિપીડિયા)

"પરમેશ્વરી" પ્લોટ-૧૬૫૪ વિજયનગર એરિયા,
હોસ્પિટલ રોડ, ખાવડા મેસુબ ઘરની સામે,
ભુજ, કચ્છ-૩૭૦૦૦૧

**સરદાર પટેલ યુનિવર્સિટી મ્યુઝિયમની માહિતી પાન નં ૨૭ છે.**






॥ વાર્તા ॥

## ઝાટકો

અર્જુનસિંહ કે રાઉલજી

આવી ગયાં પાછાં બાપાને વૃધ્ધાશ્રમમાં મૂકીને. રીક્ષામાં જ વળી. બાઇક લેવી છે. બની શકે તો જૂની સેકન્ડ હેન્ડ ફોર વ્હીલર પણ લેવી છે સ્મિતા કહેતી હતી. તેનો ટેસ્ટ ઘણો ઉચ્ચ દરજ્જાનો છે. લેવાશે. ધીરે ધીરે બધું જ. હજુ તો ખાલી આઠ જ માસ થયા છે નવી નોકરીને. બેંકની નોકરી તો માત્ર નસીબદારને જ મળે. તેને પણ મળશે એવું ક્યાં લાગતું હતું ? દસ લાખની રકમનું નામ સાંભળીને જ તેણે તો આશા છોડી દીધી હતી. બાપા નટવરલાલ મામૂલી પ્રાથમિક શિક્ષકની નોકરીમાંથી રીટાયર્ડ થયેલા. પેંશન ઉપર જીવનારા. તેમની તાકાત હતી - દસ લાખ રૂપિયા કાઢવાની ? પણ એમણે જ હિંમત આપી - તું ગભરાઇશ નહીં - અમદાવાદમાં મારો એક દોસ્ત છે - રમણિકલાલ. કદાચ ઘણા ઊંચા હોદ્દા ઉપર છે, હું જઇને એને વાત કરું છું - એ જરૂર કોઇક રસ્તો કાઢી આપશે... ! પછી તો જેવું આપણું નસીબ બેટા...! પણ બાપા કામ પતાવી લાવ્યા હતા, તેને બેંકનો ઓર્ડર મળી ગયો હતો ને તે કલાર્ક બની ગયો હતો. બા તો નાનપણમાં જ છોડીને ભગવાનના ઘેર જતી રહી હતી... !

પછી તો સ્મિતા સાથે લગન..... અને આ બે રૂમ રસોડાના ઘરમાં સ્મિતા સાથે સંસાર શરૂ થયો. શરૂઆતમાં તો બધું બરાબર ચાલતું હતું, પણ પછી સસરા-વહુના ઝઘડા શરૂ થયા. છેલ્લા ત્રણ મહિનાથી તો જાણે કે તંગ આવી ગયાં હતાં. રોજ કચકચ... ખાવાની બાબતમાં, ઘરની સાફસફાઇની બાબતમાં, ફ્રીઝમાં મૂકેલી વસ્તુઓની બાબતમાં..! બાપા અને સ્મિતા કાયમ જાણે કે એકબીજા વિરુદ્ધ તલવારો ખેંચેલી જ રાખે. સવાર સાંજ બંનેની ફરિયાદો ચાલુ જ રહે. કોઇ નમતું આપવા કે સમજવા તૈયાર જ નહીં...!

“.. જો આ તારી બૈરીએ બનાવેલી ખીચડી..! દાળ નકરી કાચી છે... ખીચડી સીઝાવા જ નથી દેતી.. સીટી વ્હીસલ ઊંચી કરીને વરાળો જ કાઢી નાખે છે. આ ઉંમરે આવી કાચી ખીચડી ખાઉ તો પચે ખરી ? પેટમાં ગરબડ જ થાય ને ?! પછી બીમાર જ પડાયને...? તારી મા તો કેવી મસ્ત ખીચડી બનાવતી ? એક પણ દાણો કાચો ના રહે... ખીચડી થઇ જાય પછી કેટલીયે વાર સુધી સીઝાવા દેતી...!” બાપા કાયમ ફરિયાદ કરતા. તે સ્મિતાને કહેવા જાય તો તે સામેથી છાંછિયાં જ કરે... “હં.. એવી ઢીલી ઢીલી લોચા જેવી ખીચડી મને નથી ફાવતી..?!” તે પણ શું કરે ? સૂડી વચ્ચે સોપારી જેવી - સેન્ડવીચ જેવી દશા થઇ ગઇ હતી તેની.

કયારેક વળી સ્મિતા ફરિયાદ કરતી - “તમારા બાપા કશું જ વ્યવસ્થિત મૂકતા જ નથી. બધું જ અસ્તવ્યસ્ત જ હોય. તેમની પેન રસોડાના પ્લેટફોર્મ ઉપર પડી હોય તો ઘડિયાળ બાથરૂમમાં ભૂલીને આવ્યા હોય. પછી ના મળે એટલે બૂમાબૂમ કરે - સ્મિતા, મારી ઘડિયાળ ક્યાં ? મારું શર્ટ ક્યાં ? મારા ચશ્માં ક્યાં ? અને કોઇ વસ્તુ ના મળે એટલે પાછા વાંક તો મારો જ... તું જ બધું ગોઠવવાના બહાને ગમે ત્યાં મૂકી દે છે...!”

“હવે હું ઘરમાં બધું વ્યવસ્થિત પણ ના કરું ? જેમ પડ્યું હોય તેમ જ પડી રહેવા દઉં ? કોઇ આવે તો કેવું લાગે ? છાપ તો મારી જ ખરાબ થાય ને ? કહેશે વહુ જ ફુવડ છે - ઘર વ્યવસ્થિત ગોઠવતાં પણ નથી આવડતું ..! હું તો શું કરું ?”

રોજના ઝઘડા કાયમ થઇ ગયા હતા. તેને પોતાને પણ કંઇ સૂઝ પડતી નહોતી. તેનાથી તો એકેય બાજુ બોલાતું નહોતું... જો સ્મિતાનો પક્ષ લે તો બાપા નટવરલાલ કહે કે વહુઘેલો થઇ ગયો છે. વહુને પૂછીને જ પાણી પણ પીએ છે. હવે સાચી વાત પણ કેવી રીતે કરવી ? બંને જણ સંપીને સમજદારીથી રહેતાં હોત તો આજે તેણે બાપાને વૃદ્ધાશ્રમમાં મોકલવાની જરૂર જ ના પડત... ! લોકો તો એમ જ કહેશે કે એકનો એક દીકરો હતો તોય બાપને ઘરડાં ઘરમાં જવું પડ્યું.. પણ આવી અંદરની વાત કોણ જાણે છે...!

સ્મિતા તો કદાચ છોકરમતમાં ગણાઇ જાય,


ISSN 0976-9609

પણ બાપા પણ...?! તેને પોતાને જાણે કે આવું બધું વિચારીને જાણે કે ગભરામણ જ થતી હતી. બાકી બાપા જો સહેજ સમજ્યા હોત, થોડુંક જતું કર્યું હોત, તો આ રીતે વૃદ્ધાશ્રમમાં ના મોકલવા પડત.

છેલ્લે છેલ્લે તો સ્મિતાએ તેને અલ્ટિમેટમ જ આપી દીધું હતું કે તમારા આ જિદ્દી બાપા સાથે હવે મારાથી આ ઘરમાં નહીં રહેવાય... મને ઘુટન થાય છે. આ ઘરમાં હવે કાં તો તમારા બાપા રહેશે કાં હું..?! તમારા બાપાને રાખવા હોય તો હું મારા પિયર જતી રહીશ, હવે તો તેમણે હદ કરી દીધી છે...?!

તેણે બાપાને પણ સમજાવવાનો પ્રયાસ કરેલો, ''પપ્પા, તમે તો થોડું ઘણું સમજો... મારી સેન્ડવીચ જેવી હાલત થાય છે..''

''તે થાય- તું તારી બૈરીને કંઇ કહી શકતો ના હોય તો હું શું કરું ?''

તેણે લગભગ કાલાવાલા કરતાં જ કહ્યું હતું. ''બીજું કંઇ નહીં પણ થોડું જતું કરવાનું રાખો..'' તેમાં તો તેના બાપા લાલઘૂમ થઇ ગયેલા, ''જતું કરવાનું એટલે શું ?'' ''જે થાળીમાં આવે તે લુસ લુસ ખાઇ લેવાનું..કચ કચ નહીં કરવાની... બીજું શું ? એટલે ઝઘડા ના થાય..''

''એમ ? એટલે તારી બૈરી જેવું બનાવે તેવું મારે ખાઇ લેવાનું એમને ? એ દાળ-શાકમાં ગળપણ નાખતી જ નથી. કહે છે કે ગળપણ નાખવાથી ડાયાબિટીસ થાય.. તારી મા તો કાયમ ગોળ કે ખાંડ દાળ શાકમાં નાખે જ.. રસોઇયા પણ નાખે છે જોઇ આવ.. એના બાપાને ડાયાબિટીસ છે અને એટલે એ લોકો ગળપણ ના ખાય એટલે આપણે પણ નહીં ખાવાનું..? મને ડાયાબિટીસ નથી અને મારે તો ગળપણ જોઇશે જ..'' ઝાટકા લાગતા હતા તેને આ બંને સસરા-વહુની ફરિયાદો સાંભળી સાંભળીને..!

''જો આજે તો આ કઢી કેટલી તીખી છે ? બાપના વારાનાં લીલાં મરચાં ઠોક્યાં છે તારી બૈરીએ. અને ઉપરથી પાછું ગળપણ પણ નથી નાખ્યું મને તો આવી કઢી ખાઉં તો પેટમાં લ્હાય બળે છે, બોલ શું કરું ?'' આ અઠવાડિયા પહેલાં જ રવિવારે બપોરે જમવા બેઠા ત્યારે બાપાએ ફરિયાદ કરી હતી. તરત જ સ્મિતા બોલી હતી, ''લાવો પપ્પાજી, તમને કઢીમાં ખાંડ નાખીને ઉકાળી આપું..'' પણ ના.. બાપાને તો એમનો જ કક્કો સાચો..! કોઇનું કંઇ જ સાંભળવાનું નહીં. એવી જ કઢી ખાધી અને પછી રાત્રે બૂમાબૂમ કરતા'તા, ''ઓ બાપ રે ! બહુ લ્હાય બળે છે પેટમાં..'' સ્મિતાએ તેને ઉંઘમાંથી હલાવીને ઉઠાડ્યો,''સાંભળો, તમારા બાપાની બૂમો.. સાચ્ચે જ પેટમાં બળે છે કે પછી મને વગોવવા..'' સ્મિતાએ માથું કૂટતાં કહ્યું,''લઇ જાવ તમારા બાપાને કોઇક ડોક્ટર પાસે.. જો કંઇ થઇ જશે બાપાને તો મને નામોશી મળશે. રાખ્યું ને પદેડા વેઠ્યા તે કોઇ નહીં જાણે..''

વચ્ચે વળી પાછો મારા અને આપણા પૈસાનો પ્રશ્ન આવ્યો હતો. બાપાએ તો તેને વટનો પ્રશ્ન બનાવી દીધો'તો. સ્મિતાએ વાત વાતમાં કોઇક જગ્યાએ દાન આપવાની વાત હતી એમાં એવું કહ્યું હતું, ''પપ્પાજી, તમે કહો છો એટલી રકમ આપવાની અમારી તો તાકાત જ નથી. અમારા પૈસા અમારે જોઇ જાળવીને જ વાપરવા પડે'ને ?'' એમાં તો બાપા નટવરલાલ ઊકળી ઊઠયા હતા, ''અમારા પૈસા એટલે તમે શું સમજો છો ? શું એ પૈસા ઉપર મારો કોઇ હક જ નથી ? મેં વિપ્લાને ભણાવ્યો, ગણાવ્યો ત્યારે આટલું કમાય છે..! અમારો પણ અધિકાર છે જ...!'' સ્મિતાએ પોતાની ભૂલ કબૂલ પણ કરી, બાપાની માફી પણ માંગી પણ બાપા એકના બે થવા તૈયાર જ નહીં.

તે દિવસે યુનિયનની મીટિંગ હતી. આથી ઓફિસ છૂટ્યા પછી એણે રોકાવું પડ્યું, તેણે પોતે સ્મિતાને ફોન કરીને કહી દીધું કે તેને આવતાં મોડું થશે રાતે, એટલે તમે લોકો જમી પરવારીને ઇન્ટરલોક કરીને સૂઇ જજો, તેની પાસે ચાવી છે એટલે તે રાતે મોડો આવીને સૂઇ જશે. હવે બન્યું એવું કે સ્મિતા બાપાને આ વાત કહેવાનું ભૂલી ગઇ. તે રાતે સાડા અગિયારે આવ્યો, ઇન્ટરલોક ખોલી ઘરમાં દાખલ થયો તો સામે હીંચકા ઉપર બાપા જાગતા બેઠા બેઠા

ઝૂલ્યા કરે, તરત જ તાડૂક્યા, "આ કંઇ ટાઇમ છે આવવાનો બેટા ? હું તો ચિંતામાં અડધો થઇ ગયો. કમસે કમ તારે મને કહેવું તો જોઇએ ને કે પપ્પા, હું આજે મોડો આવવાનો છું, માટે તમતમારે ઊંઘી જજો.." તે ઘડીભર તો ડીમલાઇટના આછા પ્રકાશમાં બાપાના મોંઢા સામે તાકી જ રહ્યો. પછી ધીરે રહીને બોલ્યો, "પપ્પા, મેં સ્મિતાને ફોન કરીને કહી દીધું હતું.."

"એ...મ..." બાપા લહેકાથી બોલ્યા, "તારી બૈરીને તારી ચિંતા થાય, પણ આ બુઢ્ઢા બાપને ના થાય. બાપાને નહીં કહેવાનું.."

ઝાટકા ઉપર ઝાટકા મારતા હતાં આ સસરો અને વહુ તેને... તેના મગજમાં કરન્ટ લાગતો હતો પણ તે શું કરે ? તે હીંચકે ઝૂલતો હતો. સામે બાપા અને બાનો ફોટો લટકતો હતો તે ફોટા સામે તાકી રહ્યો હતો અને કદાચ બાને ફરિયાદ કરતો હતો કે બા હું શું કરું ?

ત્યાં જ ડોરબેલ રણક્યો. સ્મિતાએ જ બારણું ખોલ્યું. બારણામાં એક લક્ઝરીયર્સ કાર પડી હતી અને એક આધેડ ઉંમરના, કદાચ બાપા નટવરલાલ જેટલી જ ઉંમરના ભાઇ બારણામાં ઊભા હતા, પૂછતા હતા. "નટવરલાલ પંડ્યા અહીં જ રહે છે ?"

"કોણ ?" તે ઊભો થઇ આશ્ચર્યથી બોલ્યો. બાપા હતા ત્યારે તો કોઇ આવ્યું નહોતું. બાપાને શોધવા, અને આજે..?

"હું રમણિકલાલ, અમદાવાદથી આવું છું. મારા દીકરાની બંને કિડની ફેઇલ થઇ ગઇ હતી ને નટવરલાલે પોતાની એક કિડની મને દસ લાખમાં વેચાતી આપી હતી કંઇક એમના દીકરાને બેંકમાં નોકરી માટે ભરવાના હતા.."

તે આશ્ચર્યથી રમણિકલાલના ચહેરા તરફ તાકી રહ્યો, સ્મિતાને તો કશું જ બોલવાના હોંશ જ ક્યાં હતા ? તે પણ માંડ માંડ બોલ્યો હતો, "હું જ તેમનો દીકરો.. બેસો.."

તે વખતે કિડનીની કિંમત બાર લાખ નક્કી થયેલ પણ તમારા પપ્પાએ તે વખતે માત્ર દસ લાખ જ લીધા હતા અને કહ્યું હતું કે બાકીના બે લાખ તમારા દીકરાના શરીરમાં કિડની સેટ થઇ જાય, તમારો દીકરો હરતો ફરતો થઇ જાય પછી આપજો. એટલે હું એ બે લાખ આપવા આવ્યો છું."


તેને તો શું બોલવું એ જ સમજાતું નહોતું.. આ વખતે તો નટવરલાલે એવો એક હજાર વોલ્ટનો ઝાટકો માર્યો હતો કે જાણે કે તેના શરીરમાંથી બધું જ લોહી ચૂસાઇ ગયું હોય..!

---

૪૨, કૃષ્ણશાંતિ સોસાયટી-૨, મુજમહુડા,
અકોટા રોડ, **વડોદરા-૩૯૦૦૨૦,**
(મો) ૯૯૭૪૦૬૪૯૯૧
E.mail:a.k.raulji@gmail.com

---

**આળસથી કટાઇ જવા કરતાં મહેનતથી ઘસાઇ જવું વધુ સારું.**



**ક્ષમા આપવી ઉત્તમ છે, પણ ભૂલી જવું એના કરતાં પણ વધુ ઉત્તમ છે.**

 ISSN 0976-9609

॥ પ્રાસંગિક ॥

## વિશ્વ પર્યાવરણ દિવસ

**ઉર્વીશ છાયા**

ભારતીય સંસ્કૃતિ માટે પ્રકૃતિ અને પર્યાવરણ હંમેશા પૂજનીય રહ્યાં છે. પ્રકૃતિનાં પંચતત્ત્વો - પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશનો એક અનેરો મહિમા રહેલો છે. આપણી સંસ્કૃતિ પ્રકૃતિનાં વિવિધ અંગો જેવાં કે વૃક્ષો-જંગલો, નદી-પર્વતો, સમુદ્ર, પશુ-પંખી, ધરતી-આકાશના મનુષ્ય સાથેના સહઅસ્તિત્વની ભાવનાને વિવિધ ધાર્મિક અને સામાજિક પરંપરાઓના માધ્યમથી ઉજાગર કરતી રહી છે. આપણી સંસ્કૃતિ તો 'છોડમાં રણછોડ' અને 'પ્રકૃતિમાં પરમેશ્વરના' દર્શન કરનારી છે. પરંતુ આજે પ્રકૃતિ અને પર્યાવરણના અમર્યાદિત દોહન અને બેફામ ઉપયોગ અને ઉપભોગને પરિણામે પ્રકૃતિનાં પાંચેય તત્ત્વો પ્રદૂષિત થઇ ગયા છે. જેથી પર્યાવરણની અસમતુલા સર્જાઇ છે, ઋતુચક્ર ખોરવાયું છે. જ્યારે સમગ્ર વિશ્વ 'ગ્લોબલ વોર્મિંગ' અને 'ગ્રીન હાઉસ ઇફેક્ટ' જેવી અસરોથી ચિંતિત અને ભયભીત છે ત્યારે પ્રકૃતિ અને પર્યાવરણના જતન અને સંવર્ધન માટે, માનવીના પર્યાવરણ સાથેના સહઅસ્તિત્વને ટકાવી રાખવા માટે જતન અને પર્યાવરણની સુરક્ષા માટે આપણે સર્વેએ સંકલ્પબદ્ધ થવાની જરૂર છે.

વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી ભારતીય સંસ્કૃતિમાં સદીઓથી વ્યક્ત થતી સર્વસમાવેશી અને જીવથી લઇ શિવનો વિચાર કરનારી પ્રતિબદ્ધતાનું પ્રગટીકરણ છે.

યુનાઇટેડ નેશન્સ દ્વારા વર્ષ ૧૯૭૨માં સ્ટોકહોમ ખાતે યોજાયેલ પરિષદમાં **૫ જૂનને 'વિશ્વ પર્યાવરણ દિવસ'** તરીકે ઘોષિત કરવામાં આવ્યો હતો. વૈશ્વિક સ્તરે પર્યાવરણની સુરક્ષા માટે સામાન્ય જન જાગૃત બને તથા રાજકીય રીતે ચોક્કસ દિશામાં નક્કર પગલાં લેવાય તે હેતુથી દર વર્ષે ૫મી જૂનના દિવસને વિશ્વ પર્યાવરણ દિવસ તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે, જે અંતર્ગત ૫ જૂન ૧૯૭૪ ના રોજ પ્રથમ વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ૧૯૮૭ની સાલમાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી જુદા-જુદા દેશોના યજમાન પદે યોજવાનો નિર્ણય લેવાયો જે અન્વયે વર્ષ ૨૦૧૮ માં ૪૫ મા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીનું યજમાન પદ ભારતે શોભાવ્યું. જ્યારે ગઇ સાલ એટલે કે ૨૦૨૨ની સાલમાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી સ્વીડનના યજમાનપદે કરવામાં આવી જેની થીમ હતી : 'Only one Earth' એટલે કે 'માત્ર એક જ પૃથ્વી'

આ વર્ષે ૨૦૨૩ માં નેધરલેન્ડની ભાગીદારી-થી 'કોટે દ ઇવિયોર' (Côte d'lvores) ના યજમાનપદે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી થશે. અત્રે ઉલ્લેખનીય છે કે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીની આ સુવર્ણ જયંતિની થીમ છે. "Beat Plastic Pollution" એટલે કે 'પ્લાસ્ટિક પ્રદૂષણની રોકથામ'. વિશ્વમાં પ્રતિ વર્ષ ૪૦૦ મિલિયન ટન જેટલા પ્લાસ્ટિકનું ઉત્પાદન થાય છે. જેમાનું અડધોઅડધ પ્લાસ્ટિક ફક્ત એક જ વખત વાપરીને ફેંકી દેવામાં આવે છે અને ફક્ત ૧૦% જેટલું જ પ્લાસ્ટિક રીસાઇકલ પામે છે. જ્યારે ૧૯-૨૩ મિલિયન ટન જેટલું પ્લાસ્ટિક તળાવો, નદીઓ અને સમુદ્રને પ્રદુષિત કરે છે. આજે પ્લાસ્ટિક ફક્ત જમીન અને પાણીના સ્રોતોને જ નહિ પરંતુ દહનની પ્રક્રિયા થકી ઝેરી વાયુ સ્વરૂપે હવાને પણ પ્રદૂષિત કરીને આખી પૃથ્વીના અસ્તિત્વ સામે ખતરો ઊભો કરી રહ્યું છે. વધુમાં માઇક્રોપ્લાસ્ટિક તરીકે ઓળખાતું અતિ સૂક્ષ્મ પ્લાસ્ટિક આપણી આહાર શ્રૃંખલામાં પણ પ્રવેશી ચૂક્યું છે. આપણે જે ખોરાક ગ્રહણ કરીને છીએ, જે પાણી પીએ છીએ, જે હવામાં શ્વાસ લઇએ છીએ, આ બધામાં માઇક્રોપ્લાસ્ટિક નામનું ઝેરી તત્ત્વ પ્રવેશી ચૂક્યું છે. આવા પ્લાસ્ટિકના ઉત્પાદનમાં વપરાતા અમુક કેમિકલ્સ તો 'કેન્સર' જેવી ઘાતક અસરો માટે પણ જવાબદાર હોવાનું પુરવાર થયું છે.

વિજ્ઞાન અને ટેક્નોલોજીના માધ્યમથી પ્લાસ્ટિકના પ્રદૂષણને અટકાવવાના સઘન પ્રયાસો

તો અવિરતપણે ચાલી જ રહ્યા છે પરંતુ આ પ્રયાસોને વેગવંતા બનાવવા માટે તથા વિજ્ઞાન અને ટેકનોલોજીના માધ્યમથી થતા સંશોધનના આશાસ્પદ પરિણામોને સ્કેલઅપ કરીને યોગ્ય સમયે યોગ્ય સ્થાને લાગુ કરવા માટે જરૂર છે જનજાગૃતિની અને દઢ રાજકીય ઇચ્છાશક્તિની.

યજમાન દેશ 'કોટે દ ઈવિયોર' (Côte d'lvores) આ દિશામાં નેતૃત્વ પૂરું પાડી રહેલ છે. આ દેશનું સૌથી મોટું શહેર 'આબિદજાન' (Abidjan) તો પર્યાવરણ સુરક્ષાની દિશામાં થતા સ્ટાર્ટઅપસનું કેન્દ્રબિંદુ બની ગયું છે.

પ્લાસ્ટિક પ્રદૂષણને નાથવા માટેની રણનીતિના ભાગરૂપે એલેન મેક આર્થર ફાઉન્ડેશન અને યુએન. એન્વાર્યરમેન્ટ પ્રોગ્રામના સામૂહિક અભિયાનમાં ૫૦૦ જેટલા દેશો સહભાગી બન્યા છે. જેમાં 'Circular Plastic Economy' - વર્તુળાકાર પ્લાસ્ટિક અર્થવ્યવસ્થાના ભાગરૂપે ત્રણ મુખ્ય બાબતો પર લક્ષ કેન્દ્રિત કરી પ્લાસ્ટિક પ્રદુષણની રોકથામનો પ્રયાસ કરવામાં આવ્યો છે. જે અંતર્ગત (૧) બિનજરૂરી પ્લાસ્ટિકની પેદાશોમાંથી નાબૂદી (૨) જરૂરી હોય તેવા પ્લાસ્ટિકનો પુનઃઉપયોગ અને વપરાયા પછી જૈવિક વિઘટનની પ્રક્રિયાથી તેનો સંપૂર્ણ નાશ તથા (૩) અર્થવ્યવસ્થામાં તેનો સતત વપરાશ કરી પર્યાવરણમાંથી સદંતર બહાર રાખવાની રણનીતિ તૈયાર કરવામાં આવી છે.

વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી સાર્થક બની રહે તે માટે આપણે સર્વેએ પર્યાવરણના જતન અને સંરક્ષણ માટે જનજાગૃતિના કાર્યમાં યોગદાન આપવું આવશ્યક છે. મૂલ્યવાન પ્રાકૃતિક સંપદાનું દોહન અટકે અને તેનો વિવેકપૂર્ણ ઉપયોગ થાય તે આજના સમયની માંગ છે. ગત વર્ષે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના ભાગરૂપે સમગ્ર ગુજરાત રાજ્યમાં સૂકા અને ભીના કચરાના વર્ગીકરણ માટે કચરાપેટીનું વિતરણ કરવામાં આવ્યું હતું અને રાજ્યના મહાનગરોમાં પર્યાવરણ જતન કેલેન્ડર અને ઇ-રીક્ષા જેવાં પ્રોજેક્ટસના માધ્યમથી જનજાગૃતિ લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

ભારત અને આપણું રાજ્ય ગુજરાત વૈવિધ્ય સભર પ્રાકૃતિક સંપદાથી ભરપૂર છે. સૌરઊર્જા, પવનઊર્જા, વિશાળ જંગલો અને કુદરતી સંસાધનોના સહયોગ થકી પ્રકૃતિ સાથે સંવાદિતા સાધીશું તો આપણા પ્રયાસો સ્વસ્થ અને સ્વચ્છ ભારતના નિર્માણમાં દિશાસૂચક બનશે.

સમગ્ર વિશ્વ જ્યારે આજે ગ્લોબલ વોર્મિંગનો સામનો કરી રહ્યું છે, ત્યારે આપણી આવનારી પેઢીઓનો પણ વિચાર કરી પર્યાવરણનું જતન કરવા આપણે સૌ કટિબદ્ધ બનીએ અને ભાવિ પેઢીને સ્વચ્છ હવા, પાણી અને હરિયાળીનો સમૃદ્ધ વારસો આપીએ.

---

અધ્યક્ષ-માઈક્રોબાયોલોજી વિભાગ
એન.વી.પાસ કોલેજ, સીવીએમ.યુનિવર્સિટી
વલ્લભ વિદ્યાનગર




 ISSN 0976-9609

॥ કારકિર્દી વિશેષ ॥

## IBPS PO શું છે ?

**ભૌતિકકુમાર નિતિનભાઈ પટેલ**

ઇન્સ્ટિટયુટ ઑફ બેન્કિંગ પર્સનલ સિલેક્શન IBPS પ્રોબેશનરી ઓફિસર્સ (PO) એ ભારતમાં ૧૧ જાહેર ક્ષેત્રની બેંકોમાં પ્રોબેશનરી ઓફિસરના પદ માટે લાયકાત ધરાવતા ઉમેદવારોની પસંદગી કરવા માટે લેવાનારી પરીક્ષા છે. ૨૦૧૧ થી IBPS PO ટેસ્ટ વાર્ષિક ધોરણે લેવામાં આવે છે. જાહેર ક્ષેત્રની ૧૧ બેંકો માટે દેશમાં સૌથી વધુ ઇચ્છિત રોજગાર તકો પૈકીની એક બેંકિંગ ક્ષેત્રમાં રહેલી છે. ભારતમાં ઉત્કૃષ્ટ મહેનતાણું અને વ્યાવસાયિક ઉન્નતિ માટેની તકોને કારણે પ્રોબેશનરી ઓફિસર્સ/મેનેજમેન્ટ ટ્રેઇની (PO/MT) હોદ્દાઓ માટે ઉચ્ચ માંગ છે. આ પરીક્ષા પ્રતિષ્ઠા, લાભો અને બેંક પગાર માળખાને કારણે સૌથી વધુ લોકપ્રિય બેંક પરીક્ષાઓમાંની એક છે.

**IBPS PO પસંદગી પ્રક્રિયા :** પરીક્ષા નીચેના ત્રણ તબક્કાઓને આધારે લેવામાં આવે છે.

**પ્રારંભિક પરીક્ષા :** SBI PO પ્રિલિમ્સ એ ઓનલાઇન પરીક્ષાનો પ્રારંભિક તબક્કો છે. ઉમેદવારો ૧ કલાકના સમયગાળામાં ૧ માર્કના ૧૦૦ પ્રશ્નોના જવાબ આપવાના હોય છે. દરેક ખોટા જવાબ માટે ૦.૨૫ ગુણનો દંડ છે. પરીક્ષાના આગલા સ્તર એટલે કે SBI PO મુખ્ય પરીક્ષામાં જવાબ માટે ઉમેદવારોએ વિભાગીય અને એકંદર SBI PO પ્રિલિમ્સના કટ-ઓફ માર્ક્સ ફરજિયાતપણે ક્લિયર કરવા જરૂરી છે. SBI PO પ્રિલિમ પેપર પેટર્નને ત્રણ અલગ અલગ વિભાગોમાં વહેંચવામાં આવી છે. અંગ્રેજી ભાષા, ક્વોન્ટિટેટિવ એપ્ટિટ્યુડ અને રિઝનિંગ એબિલિટી.

**મુખ્ય પરીક્ષા :** SBI PO મેન્સ એ SBI PO પરીક્ષાની પસંદગી પ્રક્રિયાનું બીજું સ્તર છે.SBI PO Mains પેટર્નમાં ૧૫૫ પ્રશ્નોનો સમાવેશ થાય છે જેનો જવાબ ઉમેદવારોએ ૩ કલાકની અંદર આપવાના હોય છે. પરીક્ષાને બે અલગ અલગ પ્રકારની કસોટીઓમાં વિભાજિત કરવામાં આવી છે. (૧) હેતુલક્ષી (ઓબ્જેક્ટિવ) (૨) વર્ણનાત્મક. બંને કસોટીઓનો સમય અને પરીક્ષાની પેટર્ન એકબીજાથી અલગ છે. ઓબ્જેક્ટિવ ટેસ્ટ એ દરેક વિભાગ માટે અલગ-અલગ સમય સાથેની ઓનલાઇન કસોટી છે. અને વર્ણનાત્મક કસોટીમાં ૩૦ મિનિટનો સમયગાળો હોય છે. જેમાં બે પ્રશ્નો હોય છે. (દરેક ૫૦ ગુણ) જે ઉમેદવારોની લેખિત અંગ્રેજી ભાષા કૌશલ્ય જેમકે પત્ર અથવા નિબંધ લેખનનું પરીક્ષણ કરે છે.

**ઈન્ટરવ્યુ :** પ્રિલિમ્સ અને મેન્સ માટે અલગ પરિણામ જાહેર કરવામાં આવે છે. SBI PO Mains દ્વારા લાયકાત ધરાવતા ઉમેદવારોને ઇન્ટરવ્યુ અને જીડીમાં ઉમેદવારો દ્વારા મેળવેલા ગુણના આધારે અંતિમ મેરિટ તૈયાર થાય છે. ઇન્ટરવ્યુ રાઉન્ડ સહભાગી સંસ્થાઓ દ્વારા હાથ ધરવામાં આવે છે અને દરેક રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશમાં નોડલ બેક દ્વારા સંકલન કરવામાં આવે છે. આ ઇન્ટરવ્યુ રાઉન્ડના ૧૦૦ માર્ક્સ છે.

**IBPS PO પરીક્ષાની તૈયારી માટેની ટીપ્સઃ** પરીક્ષાની તૈયારીમાં ઘણો સમય અને પ્રયત્ન જરૂરી છે. પરીક્ષા માટે વ્યૂહરચનાનો વ્યાપક અભ્યાસ કર્યા પછી નીચેની ટીપ્સ તૈયાર કરવામાં આવી છે.

૧. **વિગતવાર અભ્યાસક્રમ જાણો :** IBPS તેની કોઈપણ પરીક્ષા માટે ચોક્કસ બેંક પરીક્ષા અભ્યાસક્રમનો ઉલ્લેખ કરતું નથી. જોકે પાછલા વર્ષોના બેંક પરીક્ષાના પ્રશ્નપત્રોના અભ્યાસ પરથી દર વર્ષે મુખ્ય વિષયો અને ટોપિક્સ કાઢી શકાય છે. આ વિષયો IBPS PO અભ્યાસ સામગ્રી સાથે ઓનલાઇન અને ઓફલાઇન પણ ઉપલબ્ધ છે.

   અભ્યાસક્રમને જાણવાથી અડધી લડાઇ જીતી જવા બરાબર છે. કારણ કે આ સમય અને મહેનત બચાવવામાં ઘણી મદદ કરે છે.

૨. **પાછલા વર્ષના પ્રશ્નપ્રત્રોની સમીક્ષા કરો અને તે પ્રમાણે સ્ટ્રેટેજી બનાવો :** પાછલા વર્ષોના પ્રશ્નપત્રોનું વિશ્લેષણ તમને પરીક્ષાના સ્તરને સમજવામાં મદદ કરશે અને એ પણ સમજવામાં

મદદ કરશે કે પરીક્ષાની ચોક્કસ પેટર્ન શું અનુસરવામાં આવી રહી છે.

ખાસ કરીને IBPS PO પરીક્ષામાં પ્રથમ વખત હાજર રહેલા ઉમેદવારોને સમીક્ષા દ્વારા ખબર પડશે કે કયા વિષયોમાંથી વારંવાર પ્રશ્નો પૂછવામાં આવે છે અને કયા પ્રશ્નો પરીક્ષાના દૃષ્ટિકોણથી બહુ જ મહત્ત્વના અને ઓછા મહત્ત્વના છે. એ મહત્ત્વનું છે કે તમે અગાઉના વર્ષોના લઘુત્તમ લાયકાતના ગુણથી સારી રીતે વાકેફ હો અને તે કટ ઓફ માર્ક્સમાં વધારો કે ઘટાડો થવાના વલણનું વિશ્લેષણ પણ કરો આનાથી તમને ગત વર્ષોનાં કટ ઑફ માર્ક્સનો અંદાજિત ખ્યાલ આવી જશે જેથી તે પ્રમાણે તમે પોતાની સ્ટ્રેટેજી બનાવી શકો.

૩. **એક અભ્યાસ યોજના (સ્ટ્રેટેજી) બનાવો :** તમારી તૈયારીની વ્યૂહરચનામાં અભ્યાસનું સુઆયોજન સામેલ હોવું જોઇએ. ઉમેદવારોએ બેંક પરીક્ષાના અભ્યાસક્રમના ભાગોને અનુક્રમે આવરી લેવાનું લક્ષ્ય રાખવું જોઇએ. અને સમયાંતરે વિષયોનું પુનરાવર્તન અવશ્ય કરવું જોઇએ.

અભ્યાસ યોજનામાં અગાઉના વર્ષોના બેંક પરીક્ષાના પ્રશ્નપત્રોનું વિશ્લેષણ અને પરીક્ષા માટેના મહત્વના વિષયોને ઓળખવાનો પણ સમાવેશ થવો જોઇએ.

એકવાર ઉમેદવારોને IBPS PO ની પરીક્ષા પેટર્ન અને અભ્યાસક્રમ વિશે જાણ થઇ જાય, પછી ઉમેદવારોએ વાસ્તવિક સમયપત્રક બનાવવું જોઇએ. ઇચ્છિત ઉમેદવારોએ દરરોજ ૫-૬ કલાક અભ્યાસ કરવો જોઇએ. ઉમેદવારોએ તેમના નબળા ક્ષેત્રો શોધી કાઢવા જોઇએ અને તે વિભાગો પર વધુ સમય પસાર કરવો જોઇએ.

૪. **ક્લિયરિંગ બેઝિક્સ :** તમામ ઉમેદવારોએ મૂળભૂત બાબતો શીખવા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવુ જોઇએ જે તેમને પરીક્ષાની સારી સમજ વિકસાવવામાં મદદ કરશે.

- ઉમેદવારોએ દરેક વિષયમાં તેમનું વિશ્લેષણાત્મક કૌશલ્ય વધારવું જોઇએ.
- ક્વોન્ટિટેટિવ એપ્ટિટ્યુડ વિભાગમાં સારી રીતે સ્કોર કરવા માટે ફોર્મ્યુલા યાદ રાખવી એ કાર્યક્ષમ નથી, તેથી આ વિભાગ માટે યુક્તિઓ શીખવી એટલી જ મહત્ત્વપૂર્ણ છે.
- રિઝનિંગ એબિલિટી વિભાગના દરેક પ્રકરણ પાછળના સિદ્ધાંતનું મહત્ત્વ સમજવું જોઇએ.

૫. **નિયમિત મોક ટેસ્ટનો પ્રયાસ કરો :** પરીક્ષા માટે મોક ટેસ્ટ એ ફોક્સ એરિયા હોવો જોઇએ. આ એટલા માટે છે કારણ કે વ્યક્તિએ પરીક્ષા દરમ્યાન ટૂંકા સમયમાં મોટી સંખ્યામાં પ્રશ્નોના જવાબ આપવાના હોય છે. માટે વધારેમાં વધારે IBPS PO મોક ટેસ્ટ સોલ્વ કરો અને બેંક પરીક્ષાઓમાં પૂછાતા પ્રશ્નોના વિવિધ પ્રકાર સાથે અપડેટેડ રહો.

મોક ટેસ્ટનો પ્રયાસ કરવાના બે ફાયદા છે. પ્રથમ, તે તેમને તૈયારીના લેવલનો સારો ખ્યાલ આપે છે, જેનાથી તમે IBPS અભ્યાસક્રમના નબળાં ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરી શકો છો. બીજું, તે નિર્ધારિત ચોક્કસ સમયમાં પ્રશ્નો ઉકેલવા માટે પૂરતી પ્રેક્ટિસ પણ પૂરી પાડે છે. અને આ એટલા માટે અતિ મહત્ત્વપૂર્ણ છે. કારણ કે IBPS PO પરીક્ષા ઓનલાઇન લેવામાં આવે છે. જેમાં એક વિભાગ પૂરો થઇ ગયા પછી પ્રશ્નોના પુનઃપ્રયત્નનો કોઇ અવકાશ નથી.

૬. **અખબારો વાંચો :**અખબારો વાંચવા એ IBPS PO ની તૈયારીનો એક મહત્ત્વપૂર્ણ પરંતુ તૈયારી કરનાર વિદ્યાર્થીઓ દ્વારા અવગણવામાં આવેલ ભાગ છે. ઉમેદવારોએ નિયમિતપણે અખબાર વાંચવું જોઇએ. પરીક્ષા માટે વર્તમાન બાબતોને આવરી લેવા માટે બેન્કિંગ, ઇકોનોમી, બિઝનેસ, વિજ્ઞાનના સંશોધન પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઇએ. સામાન્ય જાગૃતિ વિભાગનો પ્રયાસ કરતી વખતે પરીક્ષા દરમિયાન આ એક મોટો તફાવત બની જાય છે.


ISSN 0976-9609

૭. **દરેક વિષય પર ફોકસ કરો. :** એક વિભાગીય, તેમજ એકંદરે કટ ઑફ, પરીક્ષાના પ્રારંભિક અને મુખ્ય તબક્કા બંને માટે બહાર પાડવામાં આવે છે. આમ, એ મહત્ત્વનું છે કે ઉમેદવાર માત્ર એક વિષય પર ધ્યાન કેન્દ્રિત ન કરે પરંતુ IBPS PO અભ્યાસક્રમમાં સમાવિષ્ટ દરેક વિષયની તૈયારી માટે પૂરતો સમય ફાળવે.

**અહીં પાંચ મુખ્ય વિષયો છે જે ઉમેદવારે તૈયાર કરવાના હોય છે. આમાં સામેલ છે.**

– તર્કક્ષમતા – ક્વોન્ટિટેટિવ એપ્ટિટ્યુડ
– કોમ્પ્યુટર નોલેજ – અંગ્રેજી ભાષા
– સામાન્ય/બેંકિંગ/નાણાંકીય જાગૃતિ

**અંગ્રેજી ભાષા વિભાગ :**

અંગ્રેજી વિભાગની તૈયારી કરવા માટે, ઉમેદવારોએ તેમની વાચન અને સમજણ ક્ષમતા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઇએ. વાચનની ટેવમાં સુધાર. તે બદલામાં, તેમને તેમની વાચનની ઝડપ વધારવામાં મદદ કરશે અને તેમના શબ્દભંડોળનો સ્ટોક પણ સુધારી શકાય છે. તમારા લખાણમાં વ્યાકરણની ભૂલોને ઘટાડશે અને વાક્યની રચનામાં પણ સુધારો કરી શકે છે. તમારા શબ્દભંડોળ વિભાગને સુધારવા માટે, ઉમેદવારોએ નવા શબ્દો, તેમના અર્થ અને વાકયોમાં શબ્દોનો અમલ શીખવો જોઇએ. વ્યાકરણ વિભાગમાં સારો સ્કોર મેળવવા માટે, એરર સ્પોટિંગ, ક્લોઝ ટેસ્ટ જેવા વિષયોનો અભ્યાસ કરો, બને તેટલી ખાલી જગ્યાઓ ભરો અને પ્રેકટિસ કરો.

**ક્વોન્ટિટેટિવ એપ્ટિટ્યુડ :**

આ વિભાગ IBPS PO પરીક્ષાનો મહત્ત્વપૂર્ણ ભાગ છે. તેઓ સરેરાશ, ટકાવારી, નફો અને નુકસાન, સમય અને કાર્ય વગેરે જેવા વિષયો સાથે ક્વોન્ટિટેટિવ એપ્ટિટ્યુડ વિભાગ માટે તેમની તૈયારી શરૂ કરી શકે છે. આ વિભાગમાંથી યોગ્ય સંખ્યામાં પ્રશ્નોનો પ્રયાસ કરવા માટે, ઉમેદવારોએ ઝડપી ગણતરીથી કામ કરવું જોઇએ. તમામ ઉમેદવારોને પ્રાકૃતિક સંખ્યાઓના ચોરસ અને સમઘન સાથે ૩૦ સુધીના ગુણાકાર કોષ્ટકોને યાદ રાખવાની સલાહ આપવામાં આવે છે. ઉમેદવારોએ તેમની ગણતરીની ઝડપ સુધારવા માટે ચતુર્ભુજ સમીકરણો, સરળીકરણ અને સંખ્યા શ્રેણી જેવા કેટલાક મહત્ત્વપૂર્ણ ટોપિકનો પણ અભ્યાસ કરવો જોઇએ. તમારા પ્રશ્નોના ઉકેલ માટે કેટલાક શોર્ટ-કટ બનાવી દેવા જોઇએ જે તેમને તમારો સમય બચાવવામાં મદદ કરશે. ક્વોન્ટિટિવ એપ્ટિટ્યુડનું ડેટા ઇન્ટરપ્રિટેશન યુનિટ વધારે માર્ક્સ ધરાવે છે. તેથી, તમામ ઉમેદવારોએ તે સોલ્વ કરવા માટેની ઝડપ વધારવા માટ તેના પર વધુ ધ્યાન આપવું જોઇએ.

**કમ્પ્યુટર જ્ઞાન વિભાગ :**

આ વિભાગ IBPS PO મુખ્ય પરીક્ષાના તર્કના ભાગમાં સામેલ છે. ઉમેદવારો, જે IBPS PO Mains ની પરીક્ષા આપશે, તેઓએ કોમ્પ્યટર જ્ઞાનની વિભાગીય કસોટીમાંથી પસાર થવું જોઇએ. આ પરીક્ષામાં ઉમેદવારોની કોમ્પ્યુટર ક્ષમતાના મૂળભૂત જ્ઞાનની ચકાસણી કરવામાં આવશે. પ્રોબેશનરી ઓફિસર હોવાથી ઉમેદવારોએ કોમ્પ્યુટર પર ઘણું કામ કરવું પડે છે.

**છેલ્લી ઘડીની તૈયારી ટિપ્સ :**

– દરેક વિભાગના મહત્ત્વના વિષયોની સમીક્ષા કરવી.
– પરીક્ષાની તારીખ પહેલા કોઇ નવો વિષય ન વાંચવો.
– સૂત્રોનું પુનરાવર્તન કરવું.
– નબળા મુદ્દાઓ પર કામ કરવું.
– પોતાની જાતને તણાવમુક્ત રાખવાનો પ્રયાસ કરવો.

---

Assi.Professor of Politics
and International Relations,
ILSASS College & Coordinator
of H. M. Patel Career Development
Centre. CVM University
Vallabh Vidyanagar

॥ સંસ્થા પરિચય ॥

## એસ.ડી.દેસાઇ હાઇસ્કૂલ

નિતીનભાઇ વી. પટેલ

આ સંસ્થાની સ્થાપનાનો મૂળ હેતુ શિક્ષણ અને કેળવણી આપવાનો રહ્યો છે. શિક્ષણ અને કેળવણી એટલે માનવીને માનવ બનાવવો. કેટલો ઉચ્ચ આદર્શ આદ્યસર્જકોના મનમાં રમતો હતો !

સ્વરાજ્ય સુરાજયમાં પરિણમે, કલ્યાણ રાજયમાં પરિવર્તિત થાય અને ગ્રામોન્નતિ માટેનું રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીનું સ્વપ્ન સાકાર થાય તેમજ સરદાર પટેલ સાહેબનું સ્વપ્ન ગ્રામવિકાસ અને ઉત્તમ કેળવણી થકી યુવાનોનું દેશસેવા અને સમાજ સેવામાં યોગદાન મળે, સરદાર સાહેબની પ્રેરણાથી આમ્રવૃક્ષ નીચે પ્રગટેલો શુભ વિચાર શૈક્ષણિક નગરની રચના. પૂ.ભાઇકાકા અને પૂ.ભીખાભાઇ સાહેબે ઉપાડેલું ઐતિહાસિક ભગીરથ કાર્ય જેનો અહીં સ્થપાયેલી શિક્ષણ અને સંશોધનની વિવિધ સંસ્થાઓ મારફતે પાંગર્યો છે, વિસ્તર્યો છે. કેન્દ્રના નાણાંમંત્રી અને ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ તરીકેની બેવડી જવાબદારી ખૂબ જ નિષ્ઠા અને પ્રામાણિકતાથી ઉપાડી લઇ ડો.એચ.એમ.પટેલ સાહેબે પોતાની આગવી કોઠાસૂઝ કામે લગાડી, ડો.સી.એલ.પટેલ સાહેબ તેમના કાર્યને આગળ ધપાવવા તન, મન, ધનથી સતત પ્રયત્નશીલ રહ્યા. એક ઇજનેર હોવા છતાં પણ પોતાની આગવી સૂઝથી સી.વી.એમ.ની અનેક સંસ્થાઓનું પાલન, પોષણ, જતન કરતા આ સંસ્થાને વૈશ્વિક નામના અપાવી. વર્તમાન અધ્યક્ષ તરીકે એન્જિ.ભીખુભાઇ સાહેબ ખૂબ નિષ્ઠા, પ્રામાણિકતાથી ચારુતર વિદ્યામંડળ અને પ્રમુખ તરીકે સી.વી.એમ. યુનિ.નું કાર્ય સંભાળી રહ્યા છે. સંસ્થાઓને શિક્ષણની જ્યોત પ્રગટાવનાર દાતાઓનો સહયોગ પ્રાપ્ત થયો તેમાંની સી.વી.એમ.સંચાલિત એક સંસ્થા એટલે જ શાન્તાબેન ધર્મસિંહ દેસાઇ હાઇસ્કૂલ.

### સંસ્થાના દાનવીર :

આ શાળાના દાતા શ્રીમતી શાંતાબેન ધર્મસિંહ દેસાઇનો જન્મ બિહાર પ્રદેશમાં ગંડક નદીના કિનારે આવેલા પુસા નામના ગામમાં તા. ૨૫-૯-૧૯૨૧ ના રોજ થયો હતો. સ્ત્રી આત્મનિર્ભર બની સ્વમાનભેર જીવન જીવે છે વાસ્તવિક આદર્શને તેમણે શાંતાબેન ધર્મસિંહ દેસાઇ ટ્રસ્ટની સ્થાપના દ્વારા સાફલ્ય બનાવ્યો હતો. આજે તેઓ અનેક બહેનો માટે આદર્શ અને પ્રેરણારૂપ બન્યાં છે.

### શાળાની માહિતી :

### શાળાની સ્થાપનાનો ઉદ્દેશ્ય અને પરિચય

– ઉચ્ચ શિક્ષણની ગંગા ગ્રામપ્રદેશમાં પણ વહેતી થાય તો રોજગારી અને આરોગ્ય વિષયક જાગૃતિ ફેલાય અને છેવાડાનો માણસ પણ આગળ આવે એવો મુખ્ય ઉદ્દેશ્ય હતો.

### શાળાનો ધ્યાનમંત્ર :

“તમસો મા જ્યોતિર્ગમય” (અંધકારમાંથી પ્રકાશ તરફ લઇ જા)

### સ્થાપનાનું વર્ષ :

તા.૧-૭-૧૯૬૪ (ઉદ્ઘાટક ડો.એચ.એમ.પટેલ)

### શાળાનો સ્ટાફ :

શૈક્ષણિક કર્મચારીગણ : ૦૯
બિનશૈક્ષણિક કર્મચારીઓ : ૦૩

### અભ્યાસક્રમો :

પ્રાથમિક વિભાગ : ૬ થી ૮
માધ્યમિક વિભાગ : ધો.૯ થી ૧૦

### સંસ્થાની વિશેષ સુવિધાઓ :

શાળાને સુંદર સુવિધાયુક્ત મકાન, પ્રાર્થના ખંડ, હવા ઉજાસવાળા સગવડતાયુક્ત વર્ગખંડો, વિજ્ઞાન પ્રયોગશાળા, કોમ્પ્યુટર લેબ, મલ્ટીજીમ હોલ, એન.સી.સી., સ્પોર્ટસ, બાસ્કેટ બોલ કોર્ટ, રમણીય પટાંગણ અને વિશાળ રમતનું મેદાન, સ્વચ્છ પીવાનું પાણી, ફાયર સેફ્ટી જેવી સુવિધાઓથી આ શાળા વિદ્યાર્થીઓને પાંચ દાયકાથી સંસ્કાર, શિક્ષણ આપતી રહી છે.


ISSN 0976-9609

**ગ્રંથાલય સુવિધા :** કુલ પુસ્તકો : ૩૭૬૫, સામયિક-૪, વર્તમાનપત્રો-૪

**શાળાની વિશેષ સિદ્ધિઓ :**

– રમત-ગમત ક્ષેત્રે આ શાળા સતત રાજ્યભરમાં અગ્રેસર રહી છે.

– રમત-ગમત ક્ષેત્રે શાળાએ શ્રેષ્ઠ સિદ્ધિઓ પ્રાપ્ત કરી આણંદ જિલ્લામાં ચારુતર વિદ્યામંડળ અને વલ્લભ વિદ્યાનગરનું નામ રોશન કર્યું છે.

– ગુજરાત સરકાર દ્વારા પ્રતિવર્ષ આયોજિત કરવામાં આવતા ખેલ મહાકુંભમાં ૨૦૧૬-૧૭ થી અત્યાર સુધી સતત શાળાએ જિલ્લાની શ્રેષ્ઠ શાળા તરીકે અંકે ૧,૫૦,૦૦૦/- રૂા. લેખે અત્યાર સુધીમાં કુલ રૂા. ૭,૫૦,૦૦૦/- જેટલી રોકડ તેમજ એવોર્ડ પ્રાપ્ત કર્યા છે.

– વર્ષ ૨૦૧૧-૧૨ થી ૨૦૨૧-૨૨ સુધીમાં શાળાને ખેલ મહાકુંભ અંતર્ગત ૪૫,૦૦,૦૦૦ રૂા. તથા એક્સીલેન્સી સ્કીમ હેઠળ રૂા. ૮,૦૦,૦૦૦/- તેમજ શાળાની વિદ્યાર્થિનીઓને રાજ્ય સરકાર દ્વારા મહિલા સ્કોલરશીપ અંતર્ગત ૧૦,૦૦,૦૦૦/- રૂા.ની સ્કોલરશીપ મળી છે. ઉપરોક્ત રકમ સંયુક્ત રૂપે રૂા. ૭૦,૫૦,૦૦૦/- જેટલી થવા જાય છે.

– ચાલુ વર્ષે રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક વિભાગ, ગુજરાત સરકાર દ્વારા ૩૬મી નેશનલ ગેઈમ્સની ઉજવણીના ભાગરૂપે જીસેટ કોલેજના ઓડિટોરીયમમાં યોજાયેલ જાહેર કાર્યક્રમમાં આસામ રાજ્યના ભૂતપૂર્વ મુખ્યમંત્રીશ્રી સર્વાનંદ સોનેવાલ, આણંદ લોકસભા સીટના સાંસદશ્રી મિતેશભાઇ પટેલ, આણંદ જિલ્લાના કલેક્ટરશ્રી, જિલ્લા રમત-ગમત અધિકારી શ્રી તેમજ સીવીએમ.ના માનદ સહમંત્રીશ્રી મેહુલભાઇ પટેલના વરદ હસ્તે ખેલ મહાકુંભ-૨૦૨૧ ની શ્રેષ્ઠ શાળા તરીકે એસ.ડી.દેસાઇ હાઇસ્કૂલને રોકડ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.

| વર્ષ | જિલ્લા કક્ષાએ વિજેતા | | રાજ્ય કક્ષાએ વિજેતા | | ઈનામોની કુલ રકમ રૂા. |
|---|---|---|---|---|---|
| | કુમાર | કન્યા | કુમાર | કન્યા | |
| ૨૦૧૦-૧૧ | ૪૦ | ૭૫ | ૦૩ | ૦૩ | ૪,૦૭,૦૦૦/- |
| ૨૦૧૧-૧૨ | ૫૪ | ૬૯ | ૦૨ | ૦૪ | ૪,૨૧,૦૦૦/- |
| ૨૦૧૨-૧૩ | ૫૩ | ૮૬ | ૦૪ | ૦૩ | ૪,૪૭,૦૦૦/- |
| ૨૦૧૩-૧૪ | ૫૩ | ૬૪ | ૦૪ | ૦૪ | ૪,૩૪,૦૦૦/- |
| ૨૦૧૪-૧૫ | ૪૯ | ૪૧ | ૦૩ | ૧૧ | ૩,૭૩,૦૦૦/- |
| ૨૦૧૫-૧૬ | ૬૮ | ૬૭ | ૦૧ | ૦૮ | ૩,૯૯,૫૦૦/- |
| ૨૦૧૬-૧૭ | ૬૧ | ૫૫ | ૦૨ | ૦૩ | ૩,૨૪,૦૦૦/- |
| ૨૦૧૭-૧૮ | ૬૬ | ૪૭ | ૦૨ | ૦૨ | ૩,૯૧,૦૦૦/- |
| ૨૦૧૮-૧૯ | ૫૫ | ૪૭ | ૦૩ | ૦૨ | ૩,૭૫,૦૦૦/- |
| ૨૦૧૯-૨૦ | ૬૦ | ૪૪ | ૦૩ | ૦૧ | ૨,૭૯,૦૦૦/- |
| ૨૦૨૧-૨૨ | ૪૫ | ૫૫ | ૦૧ | ૦૧ | ૨,૯૮,૦૦૦/- |
| | **કુલ** | | | | **૪૧,૪૮,૫૦૦/-** |

**નોંધ :** ખેલ મહાકુંભ વર્ષ ૨૦૧૬-૧૭ થી ૨૦૨૧-૨૨ સુધી શાળાને છેલ્લા પાંચ વર્ષેથી શ્રેષ્ઠ શાળા તરીકે રૂા. ૧,૫૦,૦૦૦/- પેટે અત્યાર સુધી કુલ રૂા. ૭,૫૦,૦૦૦/- ઇનામ પ્રાપ્ત કરેલ છે.

**શૈક્ષણિક પ્રવૃત્તિઓ :**

- શાળામાં અતિ સામાન્ય પરિવારમાંથી આવતા બાળકોને ચોપડા, નોટબુક, શાળા-ફી, ગણવેશ જેવી સહાય સમાજના સંનિષ્ઠ દાતાશ્રીઓ તરફથી અવિરત પ્રાપ્ત થતી રહી છે તેના થકી બાળકોને અભ્યાસના અંતરાય દૂર કરી શકાય છે.
- શાળામાં પરિણામ સુધારણાના ભાગરૂપે નિઃશુલ્ક વર્ગો ચલાવવામાં આવે છે.
- શાળામાં ધો-૧૦નું પરિણામ સુધારણા માટે એકમ કસોટીઓ, ઉપચારાત્મક કાર્ય, એસાઈમેન્ટ વગેરે કરાવવામાં આવે છે. જેથી વિદ્યાર્થીઓને મહાવરો મળી રહે.
- શાળામાં શિસ્ત અને નિયમિતતાનો સતત આગ્રહ રાખવામાં આવે છે. સમયાંતરે વાલી મીટિંગ અને વાલી સંપર્ક દ્વારા વાલીઓનો સહકાર પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે.
- શાળાના વિદ્યાર્થી ભાઇ-બહેનો શૈક્ષણિક અને સહશૈક્ષણિક ક્ષેત્રે ઉત્તમ કાર્ય કરી પોતાનું, શાળાનું અને સમાજનું નામ રોશન કરે તેવી શુભભાવના-થી સૌ વિદ્યાર્થી ભાઇ-બહેનોને શૈક્ષણિક અને સહશૈક્ષણિક કાર્યમાં પ્રેરણા મળે તેવું વાતાવરણ પૂરું પાડવામાં આવે છે.
- શાળામાં એન.સી.સી.ની પ્રવૃત્તિ કાર્યરત છે. જે અંતર્ગત ૫૦ વિદ્યાર્થી ભાઇઓ અને ૨૫ વિદ્યાર્થિની બહેનોની એન.સી.સી. માટે પસંદગી કરવામાં આવે છે. તેઓ એ-સર્ટિફિકેટ પરીક્ષા પાસ કરી દિલ્હી મુકામે યોજાતી આર.ડી.સી. પરેડમાં ભાગ લે છે. ટી.એસ.સી. કેમ્પમાં ભાગ લઇ તાલીમ મેળવે છે. ઉચ્ચ અભ્યાસની સાથે સાથે તેઓ એન.સી.સી.ના માધ્યમથી પોલીસ અને સૈન્ય સેવાઓમાં જોડાઇ દેશસેવાનું ઉત્તમ કાર્ય કરે છે.

---

ઇન્ચાર્જ આચાર્ય
એસ.ડી.દેસાઇ હાઇસ્કૂલ, વલ્લભ વિદ્યાનગર

---

***પરિવારથી મોટું કોઈ નથી, પિતાથી મોટો કોઈ સલાહકાર નથી.***
***માં ની છાયાથી મોટી કોઈ દુનિયા નથી.***
***ભાઈથી સારો કોઈ ભાગીદાર નથી, બહેનથી મોટી કોઈ શુભચિંતક નથી.***

★ ★ ★

***કદમ અસ્થિર હોય તો રસ્તો નથી જડતો,***
***અડગ મનના મુસાફરને હિમાલય પણ નથી નડતો***

★ ★ ★

**એકાગ્રતા પોતે એક યોગ છે. નમ્રતા અભિમાનને ઓગાળી નાખે છે.**

★ ★ ★


ISSN 0976-9609

॥ વિદ્યાવૃત ॥

## આઈ.બી.પટેલ ઈંગ્લિશ સ્કૂલ : STEM ક્વિઝમાં વિદ્યાર્થીઓનો ઉત્કૃષ્ટ દેખાવ

ચારુતર વિદ્યામંડળ સંચાલિત આઇ.બી. પટેલ ઈંગ્લિશ સ્કૂલ ગ્રાન્ટેડમાં ગુજકોષ્ટ દ્વારા આયોજિત દેશની સહુથી મોટી STEM ક્વિઝમાં રાજ્યકક્ષાની કોમ્પિટિશન ગુજરાત સરકાર દ્વારા આયોજિત કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાંથી આઇ.બી.પટેલ ઈંગ્લિશ ગ્રાન્ટેડ શાળાના ત્રણ વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કરી શાળાનું ગૌરવ વધાર્યું છે.

આ સ્પર્ધામાં ધો.૯ નો વિદ્યાર્થી રાણા ધ્રુવ પ્રથમ સ્થાને ઉત્તીર્ણ થઇ જેમને ઇનામ રૂપે ટેબ્લેટ પ્રાપ્ત કરેલ છે. તેમજ ધો.૯ નો વિદ્યાર્થી પટેલ તક્ષ જેમને ટેલીસ્કોપ કીટ ઇનામરૂપે પ્રાપ્ત થયેલ છે. ધો.૧૦ ની વિદ્યાર્થિની પટોલીયા તન્વીને રોબોટીક કીટ ઇનામરૂપે પ્રાપ્ત થયેલ છે. જે શાળા માટે ખૂબ જ ગર્વની વાત છે. શાળાના આચાર્યશ્રી ડો.મહેશ સ્ટેલીન તથા શાળાના શિક્ષકગણે આ વિદ્યાર્થીઓને ખૂબ જ અભિનંદન પાઠવી આગળ વધવા માટે આશીર્વાદ પાઠવ્યા હતા.

॥ વિશેષ માહિતી ॥

## સરદાર પટેલ યુનિવર્સિટી મ્યુઝિયમ :

ચારુતર વિદ્યામંડળ દ્વારા ૧૯૪૯ ની સાલમાં સ્થપાયેલી ‘કલા અને પુરાતત્ત્વ’ સંગ્રહાલય જે હાલ સરદાર પટેલ યુનિવર્સિટીના મ્યુઝિયમ તરીકે ઓળખાય છે. તે તેના પ્રાચીનકાળના વિવિધ સંગ્રહો માટે દેશભરમાં જાણીતું છે. અને પુરાતત્ત્વ ક્ષેત્રે સંશોધકો માટે એક આગવું મહત્ત્વ ધરાવે છે. ચારુતર વિદ્યામંડળ તથા સરદાર પટેલ યુનિવર્સિટીના આદ્યસ્થાપક સ્વ. ભાઇલાલભાઇ પટેલે પણ અંગત રીતે ઘણી પ્રાચીનકાળને લગતી વસ્તુઓ સંગ્રહાલય માટે એકઠી કરેલી છે. આ સંગ્રહાલયમાં આશરે ૫ કરોડ વર્ષ જૂના ડાયનાસોરના અશ્મિથી માંડીને પથ્થર અને ધાતુમાંથી તૈયાર કરે સ્થાપત્યો, પ્રાચીન સિક્કાઓ, વિવિધ લિપિઓના નમૂનાઓ (૧૦૦૦-૧૯૦૦ A.D.) ધાતુના આભૂષણો, સુશોભન માટેના કળા સ્થાપત્યો, પ્રાચીનકાળના બેનમૂન ચિત્રો અને ફોટોગ્રાફ્સ (૧૭૦૦-૧૯૦૦ A.D.) ખડક અને ભૂસ્તરશાસ્ત્ર માટે મહત્ત્વના એવા મિનરલ્સના નમૂનાઓ, પ્રાણીશાસ્ત્રને લગતા દુર્લભ નમૂનાઓ જેવી વિવિધતા સભર દુર્લભ સામગ્રીથી સમુદ્ધ આ મ્યુઝિયમ વલ્લભ વિદ્યાનગર અને ગુજરાતમાં પુરાતત્ત્વીય ક્ષેત્રનું સુપેરે પ્રતિનિધિત્વ કરી રહેલ છે.

**(સંદર્ભ : ૧૮મે આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ)**

---

**વિ-વિદ્યાનગર**

**‘વિ-વિદ્યાનગર’ www.vvidyanagar.ecvm.net પર મૂકવામાં આવે છે.**
**દેશ વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.**

## ॥ સૂચના ॥

૧. 'વિ-વિદ્યાનગર' વલ્લભ વિદ્યાનગરના શૈક્ષણિક ટ્રસ્ટ ચારુતર વિદ્યામંડળ તરફથી દર માસે નિયમિત પ્રકાશન થતું શિક્ષણ, સાહિત્ય અને સંસ્કાર વિષયક સામગ્રી પીરસતું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક છે. માનવજીવનને ઉન્નતિકારક અને યુવાવર્ગને પ્રેરક, શિષ્ટ સરળ શૈલીમાં, મૌલિક, અનુવાદિક ઉપરાંત સંચય સ્વરૂપ (digest)) માં પણ સામગ્રી આપવામાં આવે છે.

૨. ।વિ। માં મોકલેલું લખાણ મૌલિક હોવું જરૂર છે. પ્રકાશન અર્થે કૃતિ મોકલતી વખતે સર્જકે એની ઝેરોક્ષ નકલ પોતાની પાસે અવશ્ય રાખવી. તંત્રીને ઝેરોક્ષ નકલ મોકલવી નહિ. મૂળ લખાણ જ મોકલવું. લખાણ કાગળની એક બાજુએ, ફૂલસ્કેપ કાગળ પર હાંસિયો પાડીને જ મોકલવું જરૂરી છે. પોસ્ટકાર્ડ કે ઇન્લેંન્ડ પર મોકલેલું લખાણ પ્રકાશન માટે સ્વીકારવામાં આવશે નહિ. કૃતિના સ્વીકાર-અસ્વીકાર અંગેના નિર્ણયનો અધિકાર તંત્ર-સંપાદક મંડળનો રહેશે.

૩. સાધારણ રીતે લાંબા લેખોને અવકાશ ઓછો છે. લખાણ ટૂંકું અને મુદ્દાસર હોય એ જરૂરી છે. લખાણમાં અંગ્રેજી શબ્દનો ઉપયોગ કર્યો હોય ત્યાં સાથે કૌંસમાં ગુજરાતી પર્યાય આપવો આવશ્યક છે. લખાણ ગુજરાત વિદ્યાપીઠના માન્ય જોડણીકોશ અનુસારની જોડણીમાં હોવું જરૂરી છે. લેખમાંના અભિપ્રાયની જવાબદારી સંબંધિત સર્જકની જ રહેશે, તંત્રી કે સંપાદક મંડળ એ અંગે જવાબદાર રહેશે નહીં.

૪. ।વિ। માં મોકલેલું લખાણ પ્રકાશન અર્થે અન્ય સામયિકને પણ મોકલેલું ન હોવું જોઇએ. એ અંગેની કાળજી તેમજ જવાબદારી સર્જકે રાખવી જરૂરી છે. સામાન્ય રીતે બે-ત્રણ માસમાં કૃતિ પ્રકાશિત ન થાય તો અસ્વીકૃતિ કૃતિ પરત મોકલવાની પદ્ધતિ નથી. તેથી જવાબી ટપાલીખર્ચ ન મોકલવું લેખ/કૃતિ અંગે કોઇ પત્ર વ્યવહાર ટેલીફોન કે રૂબરૂ સંપર્ક કરવો નહિ.

**૫. પ્રત્યેક કૃતિ નીચે સર્જકે બેન્ક એકાઉન્ટ નંબર પ્રમાણે પોતાનું નામ, બેન્ક એકાઉન્ટ નંબર IFSC Code તથા પિનકોડ સાથેનું પૂરેપૂરું સરનામું અવશ્ય લખવું. જેથી સર્જકની પુરસ્કારની રકમ જમા કરાવવામાં સરળતા રહે. અપૂરતી વિગતને કારણે પુરસ્કારની રકમ જમા ન થઇ શકે તો જવાબદારી સર્જકની રહેશે. આથી દરેક વિગત ચકાસણીને મોકલવી.**

૬. 'વિ-વિદ્યાનગર' દર માસની પાંચમી તારીખે નિયમિતરૂપે પ્રકાશિત થાય છે. સામયિકનો અંક ચોક્સાઇથી રવાના કરવામાં આવે છે. ટપાલમાં અંક ગેરવલ્લે જાય તો તે અંગેની જવાબદારી સંસ્થાની નથી. અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રગટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે. અલબત્ત, અંક સિલકમાં હશે તો બીજી નકલ મોકલવામાં આવશે.

૭. લવાજમ વાર્ષિક-આજીવન રૂબરૂમાં-મની ઓર્ડરથી-બેન્ક ડ્રાફ્ટ-ચેકથી મોકલી શકાય. મનીઑર્ડરની કૂપનમાં ગ્રાહકે સ્પષ્ટ અક્ષરે પોતાનું નામ સરનામું, પિનકોડ સાથે લખવું. બહારગામના બેન્ક ડ્રાફ્ટ-ચેકમાં લવાજમની રકમ ઉપરાંત રૂપિયા પાંત્રીસ ઉમેરવા. ગમે તે માસથી ગ્રાહક થઇ શકાય છે. લવાજમ 'ચારુતર વિદ્યામંડળ' ના નામે મોકલવું.

૮. દિવંગત થયેલા આજીવન ગ્રાહક અંગે તેમના સગાં-સંબંધીઓને તે વિશે કાર્યાલયને જાણ કરવા વિનંતી.

૯. વ્યવસ્થા અંગેનો તેમજ તંત્રી સાથેનો સઘળો પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો.


**ડૉ. ઉર્વીશ છાયા**

**તંત્રીશ્રી, વિ-વિદ્યાનગર, આસિ.પ્રોફેસર, એન.વી.પટેલ સાયન્સ કૉલેજ (N.V.P.A.S.), વલ્લભ વિદ્યાનગર**

**ઇ-મેઇલ** : editor.vidyanagar@gmail.com., urvish.chhaya@gmail.com


**લવાજમ**

| | | |
|---|---|---|
| **વાર્ષિક** | : | ₹ ૧૫૦, સ્થાનિક વિદ્યાર્થીઓ માટે પ્રોત્સાહક લવાજમ ₹ ૧૦૦ |
| **આજીવન** | : | ₹ ૧૫૦૦ |
| **વિદેશમાં** | : | ૨૫ $ અથવા ૧૫ £ આજીવન ૧૦૦ $ અથવા ૭૦ £ |
| **છૂટક નકલની કિંમત** | : | ₹ ૧૫ + રવાનગી ખર્ચ ₹ ૧૦ |



ISSN 0976-9609







ચારુતર વિદ્યામંડળ સંચાલિત આઇ.બી. પટેલ ઇંગ્લિશ સ્કૂલ (ગ્રાન્ટેડ)માં ગુજકોષ્ટ દ્વારા આયોજિત દેશની સહુથી મોટી STEM ક્વિઝમાં રાજ્યકક્ષાની કોમ્પિટિશન ગુજરાત સરકાર દ્વારા આયોજિત કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાંથી આઇ.બી.પટેલ ઇંગ્લિશ ગ્રાન્ટેડ શાળાના ત્રણ વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કરી શાળાનું ગૌરવ વધાર્યું છે. ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષશ્રી તથા સીવીએમ યુનિવર્સિટીના પ્રમુખશ્રી એન્જિ. ભીખુભાઈ બી. પટેલ, માનદ્ મંત્રી શ્રી ડૉ. એસ.જી. પટેલ, માનદ્ સહમંત્રીશ્રી રમેશ સી. તલાટી, શાળાના આચાર્યશ્રી ડૉ.મહેશ સ્ટેલીન તથા શાળાના શિક્ષકગણે આ વિદ્યાર્થીઓને અભિનંદન અને આશીર્વાદ પાઠવ્યા હતા.

BOOK POST
June 2023

V-Vidyanagar 25 (6)
Published on 05/06/2023
No. of Pages 32 Including Cover
ISSN 0976 – 9609 V-Vidyanagar

Postal Regd. No. AND/318/2021-23
RNI Regd. No. Guj/2009-11/5433
Posted at Vallabh Vidyanagar on
5th of Every Month




World Environment Day is celebrated annually on 5th June and encourages awareness and action for the protection of the environment. It is supported by many non-governmental organizations, businesses, government entities, and represents the primary United Nations outreach day supporting the environment.

(Source: google)

Read Article on World Environment Day on Page No.19

**Editor : Dr. Urvish Chhaya**

**If undelivered, return to**
Dr. S.G. Patel, Hon. Secretary, Charutar Vidya Mandal,
Vallabh Vidyanagar 388120, Gujarat (INDIA)
(Printed, Published and Owned by Charutar Vidya Mandal, Vallabh Vidyanagar )